૨૪૯૨

GANJESHÁYAGÁN, ANDARZE ÁTREPÁT MÁRÁSPANDÁN, MÁDIGÁNE CHATRANG,

AND

ANDARZE KHUSROE KAVÁTÁN.

THE ORIGINAL PÉHLVI TEXT; THE SAME TRANSLITERATED IN ZEND CHARACTERS AND TRANSLATED INTO THE GUJARATI AND ENGLISH LANGUAGES; A COMMENTARY AND A GLOSSARY OF SELECT WORDS.

BY

PESHUTAN DASTUR BEHRAMJI SANJANA.

MR. OTTO HARASSOWITZ, BOOKSELLER, LEIPZIG,
SOLE AGENT FOR EUROPE.

Bombay:

PRINTED AT THE DUFTUR ASHKARA PRESS
BY RUSTOMJEE NOWROZJEE KHAMBATTA,
87 COWASJEE PATELL STREET, FORT.
IN THE YEAR 1251 OF YEZDEZARD AND 1885 OF CHRIST.

TO

THE HONOURED MEMORY

OF

SETT BEHMANJI HORMASJI WADIAJI,

SETT RUSTAMJI HORMASJI WADIAJI,

AND

SETT ARDESHAR HORMASJI WADIAJI,

THE ILLUSTRIOUS FOUNDERS OF THE

SETT HORMASJI BOMANJI WADIAJI'S

ATASHBEHRAM, BELONGING TO THE SHENSHAI COMMUNITY,
AT BOMBAY,

THIS COLLECTION

OF

PEHLVI TREATISES

IS

MOST RESPECTFULLY DEDICATED

BY

THEIR TRANSLATOR

PESHUTAN DASTUR BEHRAMJI SANJANA.

ગન્જે શાયગાંન

તથા

અન્દરજે આતરેપાત મારાસપન્દાંન

તથા

માદીગાંને ચતરંગ

અને

અન્દરજે ખુસરોએ કવાતાંન,

તેહેની

અસલ પેહલવી એબારત, જંદ અક્ષરે ઊચ્ચાર, ગુજરાતી
તથા ઈંગરેજી તરજુમો, શરેહ અને અગતજોગ
પેહલવી શબ્દોની ફરહંગ સાથે.

બનાવનાર

પેશોતન દસતુર બેહરાંમજી સંજાણા.

મુંબઈ.

દફતર આશકારા છાપાખાનાં મધે,

રૂસતમજી નવરોજજી બંબાતાએ છાપ્યું છે.

કોટ - કાવસજી પટેલ સ્ટ્રીટ, નાં૦ ૮૭.

સને ૧૨૫૪ ઇઅજદજરદી,

સને ૧૮૮૫ ઇસવી.

મુંબઈની શેહનશાહી અનજુમનને લગતા

મરહુમ શેઠ હોરમજજી બેહમનજી વાડીઆજીનાં

આતશબેહરાંમ શાહેબને

તખતનશીન કરાવનારા અનોશેરવાંન શેઠજી શાહેબો,

શેઠ બેહમનજી હોરમજજી વાડીઆજી,

શેઠ રૂસતમજી હોરમજજી વાડીઆજી

અને

શેઠ અરદેશેરજી હોરમજજી વાડીઆજીની

માંન ભરેલી યાદગારીને

આ એ

પેહલવી પુસતક

તેનો તરજુમો કરનાર

પેશોતન દસતુર બેહરાંમજી સંજાણાએ

મોહટાં માન સાથે

અરપણ કરયું છે.

بنام ایزد بخشاینده بخشایشگر مهربان

દીબાચો.

પાક દાદાર અહુરમજદનાં મોબારેક નાંમની મદદથી અને પેગમબર અશો જરતોશત સ્પિતમાંનની નેક દુઆની બરકતથી આએ નાંઢળાં પુસતકનો દીબાચો લખવાનું કાંમ હમો શરૂ કરીએ છઇએ.

આંએ "ગન્જે શાયગાંન" નાંમનું પુસતક આપણા સાસાંની ટોલાના દીનદાર અને દાંનેશમંદ પાદશાહ નોશેરવાંન આદેલની હકુમતના વખતમાં તે પાદશાહના હોકમથી તેહના માહગણેઆની વજીર વજોરગમેહરે (ઇઆને અબુજરચમેહેરે) રચીઉં હતું. શેહનશાહ નોશેરવાંન ઇસવી સને ૫૦૫ માં ઇરાંનનાં તખત ઉપર બેઠો હતો. અને તે પછી થોડીજ મુદતમાં તેણે એક ખોઆબ જોયો હતો. જેહનો ખોલાસો કરવા સારૂં વજોરગમેહરને મરવ શેહરની એક જરતોશતી મદરેસા ખાતેથી અજાદસરવ નાંમનો એક શખસ પાદશાહ નોશેરવાંનની દરબાર ખાતે બોલાવી લાવેઓ હતો. અને તેઆર પછી વજોરગમેહેર પોતાની જાતી કાબેલીઅતથી પાદશાહ નોશેરવાંનની દરબારના સઘળા વજીર અને અમીરો ઉપર વડા વજીરનો હક તથા એલકાબ મેળવેઓ હતો. તે ઉપરથી આએ પુસતકનું પુરાતનપણું વગર શકે ૧૩૭૦ વરસથી ઉપરનું સાબેત થાએછે.

આએ પુસતક રચવાનું કારણ આએં નાંમીચા પ્રધાંને પોતાનાં પુસતકની શરૂઆતમાં આએ પરમાંણે જણાવીઉંછે કે, 'તે પોતે ઇરાંનના શેહનશાહ નોશેરવાંનનો વજીર હતો, અને તેહની મતલબ ઇરાંનના પાદશાહો, હાકેમો અને અમીરોને આએ દુનીઆંની અંદર પાએદાર અને નાપાએદાર દોલત કેહીછે ? તે વીસેની સહમજ આપી તેઓને ખરાં શુખવાલી, હમેશાં પાએદાર રેહનારી, અને નહી ફનાં થનારી, દોલત મેલવ્વા તરફ ચલાવ્વનો બોધ આપવાની હતી; તે મુજબ તેણે શેહનશાહ નોશેરવાંનના હોકમથી આએ પુસતક લખીને પરગટ કરીઉં હતું.'

વીદવાંન વજીર વજોરગમેહરે આએ દુનીઆંમાં માંણસે મેલવેલી દોલતમાં કેહી દોલત પાએદારછે અને કેહી દોલત પાએદાર નથી, તે બતલાવતાં પોતાનાં

પુસતકની અંદર જણાવીઉંછે કે, આએ દુનીઆંને લગતી સઘલી વસ્તુ અથવા દોલત, વગર પાએદારીની, સદા નહી રેહનારી અને (એક પછી બીજાની તરફ) ફેરફાર થવા જોગછે; તે છતાંબી તે વગર ભરોસાની અને ફેરફાર થનારી દોલત ખોદાએતાલાની વગર બખ્શેશે માંણસને મલતી નથી, પણ જેને સારૂ તે ખાવંદની તરફથી તેહની બખ્શેશ મુકરર થાએલી હોએછે તેહનેજ તે થોડે ઉદીઓગે ઘણી મલેછે. અને તેથી તે માણસ, સરવેથી ચહડતે દરજેનાં કાંમો કરેછે, પાદશાહી ભોગવેછે, બુજોરગ દરજજો મેલવેછે, અને કીરતીવાંન થાએછે. વલી તેમાં જે માણસ સહમજેછે કે, આએ દુનીઆંમાં સરવેથી સરસ પેહલવાંન હસે તેનો એક સદી પછી અન્ત આવવાનો, ૩૦૦ વરસની હદમાં ખાંનદાંન ખરાબ અવસ્થામાં આવવાનું, અને નાંમ ઇઆદ રેહવાનું નથી, મેહનત અને કુશેશ ફોકટમાં જવાનીછે, અને દોલત તથા હકુમત બીજા હાકમો તથા વારેસોને મલવાનીછે; તો તેહવું દુરંઅંદેશ માણસ આએ દુનીઆંમાં તે દોલતથી લોકોને સુખ આપવાનાં, અને આવતી દુનીઆંમાં પોતાને સુખ મલવાનાં, ભલાં તથા નેક કાંમો કરેછે; કારણ કે તે જાંણેછે કે, ભલાં કાંમો કરવાથી જે દોલત મલવાનીછે, તે હમેશનીછે, અને તેને કસ્સો જવાલ પોહચવાનો નથી, અને તે દોલત કોઇથી છીણવી લેવાવાની નથી.

એ પછી આએ કાબેલ વજીર પોતે મજદીઅસની જરતોશ્તી દીન ઉપર અને તેનાં મુખ્ય ફરમાંનો જેવાં કે યજદોની હસ્તી, દેવોની નેસ્તી, રવાંન, દીન, બેહશત-દોજખ-તરીજી રાતને લગતો ઇનસાફ—રીસ્તાખેજ અને તનપસીન ઇત્યાદીને લગતાંછે, તે ઉપર ઘણો ચુસ્ત અને એતેકાદ રાખનારો હતો, અને તે મુજબ પોતાના હસ્તકનાં ઇરાંનના રાજાઓને ચલાવવાની કાલજી રાખતો હતો, તે જણાવીઉંછે. અને તે પછી સવાલ જવાબના અને સાધારણ લખાંણના આકારમાં તેણે પોતાનું પુસતક રચીઉંછે.

આએ પુસતકની અંદર ઇઅજદાંપરસ્તી મજહબની સઘલી સહમજ તેણે વીદીઆની રીતીથી માણસોને સહમજ પડે એવી એબારતમાં આપીછે. અને તેમાં તેણે અહુરમજદ-એહરેમન-યજદ-દેવ અને દરૂજનો ખોલાસો ઘણી લાએક રીતે સહમજાવેઓછે; અને તે પછી જરતોશ્તી મજહબનાં મુખ્ય ફરમાંનો જે હુમત-હુખ્ત-અને હવરસ્ત તથા દુશમત-દુજુખ્ત અને દુજીવરસ્તછે, તેની જાંણવાજોગ સહમજ આપીછે. તથા માણસની અંદર તેહને ઉલટા મારગ ઉપર લેઇજનારી એહરેમનને લગતી કેહી કેહી સકતીઓછે,

અને તેથી તેહનો બચાવ કરવા સારૂ અશો અહુરમજદની તરફથી કેહી કેહી સકતીઓ તેહને બખશવામાં આવીછે, તેનું વરણન તે સકતીઓના દુરગુણો તથા નેક ગુણોની સહમજ આપવા સાથે કરીઉંછે; અને તે પછી, માણસે આએ દુનીઆંમાં સારી સહમજથી કેમ ચાલવું, તે વીશેનું સઘલું બએઆંન કરીઉંછે.

શાએરોના શેહનશાહ ફીરદોશી તુસીએ, સુલતાંન મેહમુદ ગંજનવીનના વખતમાં, પેહલવી લખાંણના આધાર ઉપરથી, આપણા યજદાંપરસ્ત પાદશાહોની તવારીખનું શાહનાંમાંનું ફારસી પુસ્તક લખીઉં હતું, (જેહને ૯૦૦ થી વધારે વરસ થએઆંછે) તેમાં, તથા બીજી તવારીખની કેતાબોમાં વજોરગ મેહર કોણનો બેટો હતો, અને તેહના બાપનું શું નાંમ હતું, તે વીશે કસ્સું જણાવેલું નથી; પણ આએ 'ગંજે શાયગાંન' નામનાં પેહલવી સતા ભરેલાં પુસતકમાં, તેહના કાબેલ બનાવનારે પોતાના બાપનું નાંમ 'બુખ્તે' કરી હતું તે જણાવીઉંછે, અને તે ઉપરથી આએ નાંમીચા વીદવાંન વજીરના નેકબખ્ત પીત્તાનું નાંમ આપણ જાંણી સકેઆ છઇએ.

આએ પુસતકની હમોને તરંણ નકલ મલીછે, તેમાં એક નકલ શંવત ૧૦૬૭ હીંન્દુસ્થાંનીમાં, (ઇઆને ૮૭૩ વરસ ઉપર) અરદીબેહસ્ત મહીનો અને ગોશ રોજે ભરૂચમાં દીનનો એક વડો પેશવા હતો, તેણે પોતાના એક શાગેરદ શાહજાદ બીનશાદ, જે ફરોખબીન ઓહુરમજદની નસલનો હતો, તેહને સારૂ કરી હતી; તે નકલ ઉપરથી એરવદ કાંમદીન બીન શેહરીઆર બીન નેરીઓસંગ બીન સંમંદે કરેલી નકલ (આએ નકલ એરવદ કાંમદીને કીહાં સાલમાં કીધી હતી તે જણાવેલું નથી.)

બીજી નકલ એક ઉપર જણાવેલી એરવદ કાંમદીનની નકલ ઉપરથી મરહુમ દસતુર રૂસતમજી બેહરાંમજી શંજાંણા* એ, સને ૧૧૩૧ ઇઅજદજરદીનાં સાલમાં શુરત ખાતે પોતાના પુસતકખાંનાંમાં રાખવા સારૂ કરી હતી.

તરીજી નકલ એક ઉપલીજ નકલ ઉપરથી મરહુમ દસતુર રૂસતમજી બેહરામજી શંજાંણાએ, સને ૧૧૪૮ ઇઅજદજરદીનાં સાલમાં, શુરતવાલા મરહુમ દસતુર કાઉશજી રૂસતમજી ભીખાજીને બીજા પેહલવી રેસાલાઓની સાથે એક

* આએ મરહુમ દસતુર રૂસતમજી, મુંબઇના શેહનશાહી પારસીઓના દસતુરાંન દસતુર એદલજી દારાબજી શંજાંણાના બાવા તથા આએ મરહુમ દસતુરની સાથે બીજા નોસારી અને શુરતના દસતુરોને આપણા મજહબની કેળવણી આપનારા કાબેલ ઉસ્તાદ હતા.

નકલ કરી આપી હતી. અને તે નકલ હાલમાં આપણી મુંબઇની પારસી પંચાએતનાં દફતરખાંનાંમાંછે. આએ નકલ એક મોહટાં કદવાલી જલેદની અંદર બીજી પેહલવી કેતાબોની નકલ સાથે બંધાવેલીછે. અને તે પંચાએતના લાએકી-વાલા સેક્રેટેરી શેઠ નોશેરવાંનજી બેહરાંમજીએ હમોને તરજુમો કરતી વખતે વાપરવા સારૂ તરસ્ટી સાહેબોની પરવાંનગીથી મોકલાવી હતી, માટે હમો અતરે તે વીશે મજકુર શેઠનો તથા તરસ્ટી સાહેબોનો ઉપકાર માંણીએ છઇએ.

આએ ઉપર જણાવેલી તરંણ નકલોમાંની પેહલ્લી અને બીજી નકલ હમારાં મરહુમ મુરખી દસતુરજી સાહેબ એદલજી દારાબજી રૂસતમજી શંજાંણાંનાં પુસ-તકખાંનાંમાંછે, અને તે તરંણે નકલોની સાથે સરખાવી તપાસીને હમોએ આએ પુસતક પરસીધ કીધુંછે.

પાદશાહ નોશેરવાંનના વખતમાં, તેહના દાના વજીર વજોરગમેહરે 'ગંજેશા-યગાંન' નાંમનું પેહલવી પુસતક લખીઉં હતું, તેહની સાબેતી ઉપલું પુસતક લખેઆ પછી ૫૦૦ વરસની મુદતે ઇઆને સંન ૯૯૭ ઇસવીનાં સાલમાં પેહલવી પુસતકના આધાર ઉપરથી લખાએલાં ફીરદોસી તુસીનાં શાહનાંમાં મધેથી આપણને મલેછે, અને તે આએ પરમાંણેછે કે, શાહનામાંની અંદર "વજોરગમેહરે શેહનશાહ નોશેરવાંનને નેક સખુનો બોલવા તથા નેક કાંમો કરવા સારૂ નસીહત કીધી" એવાં મથાલાં હેઠલ આવેલી બીનામાં આએ કાબેલ વજીરે શેહનશાહ નોશેરવાંનને ઉપલું પુસતક બનાવ્વા વીસે નીચે જણાવેઆ મુજબ કહીઉં હતું:—

چنین گفت کای داور تازه روي   که بر تو نیاید سخن عیب جوي
نوشتم سخن چند بر پهلوي   ابر دفتر و کاغذ خسروي
سپردم بگنجور تا روزگار   برآید بخواند مگر شهریار

'અએ ખુશ ચેહરાના ઇનસાફી પાદશાહ! એબ સોધનારાઓ તારી ઉપર નહી ફાવે તે સારૂં, હુંએ પાદશાહને પસંદ પડતાં કાગજો ઉપર પેહલવી ભાષામાં એક પુસતક લખીઉંછે. અને તે (પુસતક) પાદશાહી પુસતકખાંનાંના ઉપરીને સવાધીન કરીઉંછે, એવી મતલબથી કે હમેશાં પાદશાહ તેહને વાંચે.'

એ પછી ઉપલાં મથાલાં હેઠલ શાહનાંમાં મધે નીચે લખી જણાવેલી હકીકત આવેલીછે.

بدو گفت نوشین کدامست مرد   که دارد دلي شادبي بادسرد
چنین گفت کان کو بود بیگناه   نبردهاست اهریمن او را ز راه

'(પાદશાહે) તેહને (ઇઆને વજોરગમેહરને) પુછીઉં કે, કીહું આદમી બખ-તાવરછે કે જે હમેશાં ખુશી અને વગર હાએ અફશોસથી રેહે?

(બુજોરગમેહરે) જવાબ વાલેઓ કે જે આદમી, એહરેમનથી ગુમરાહ થાએલું નહી હોએ, અને વગર ગુનાંહવાળું હોએ તે.'

જેમ શાહનામાની અંદર ઉપલો સવાલ પાંદશાહની તરફથી વજોરગમેહરને પેહલ્લાં પુછવામાં આવેલોછે, તેજ મુજબ 'ગંજે શાયગાંન' પુસતકની અંદરબી વજોરગમેહરની તરફથી સવાલના આકારમાં તે પેહલ્લો મેલવામાં આવેલોછે. જેમકે:—

[illegible]

(સવાલ) કીહું આદમી ઘણું બખ્તાવરછે ? (જવાબ) જે ઘણું ગુનાહ વગરનું હોએ તે.

વલી 'ગંજે શાયગાંન' માં દશ બુરા જોસ્સાઓને દરૂજનું નાંમ આપીને તેહના દુરંગુણોનું વરણન કરીઉંછે, તેજ મુજબ, શાહનાંમાંની અંદરબી ઉપલી બીનામાં તે દશ બુરા જોસ્સાઓનું બએઆંત તેને એહરેમન તથા દેવનું નાંમ આપીને કરેઆમાં આવેલુંછે. જેમકેઃ—

ગંજે શાયગાંન.

[illegible]

ગુનાહમીનોને લગતા આએ કેટલાએક દરૂજો (ઇઆને બુરા જોસ્સાઓ) જે રવાનનાં હરીફ તરીકેછે, તેઓ આદમીને ફરેબમાં નાંખવા તથા તેઓને

હાનેતવાલાં બનાવવા સારૂ આદમીઓનાં દુશમન તરીકે તેઓની અંદર આપે આમાં આવેલાંછે. "(સવાલ) તે દરૂજો કીહા અને કેટલાછે? (જવાબ) લોભ, મોંહતાજ, ગોસ્સો, અદેખાઇ, ચંકુનમ, બુરો હવસ, વેર, આલસાઇ, અથરાં-મણી અને ચુગલી."

(સવાલ.) આએ દરૂજોને લગતી વસ્તુઓ કેહવી પરકારનો જોલમ ગુજાર-નારીછે? (જવાબ) લોભને લગતી વસ્તુ (માંણસને) ઘણું અસંતોશી રાખનાર અને ઘણું રખડાવનારછે. મોહતાજને લગતી વસ્તુ (ઇનસાંનને) બીજાઓને ઘણું દુઃખ પોહચાડનારૂં બનાવનાર તથા તેહને પોતાને ઘણું દુઃખ ખમતું કરનારછે. ગોસ્સાને લગતી વસ્તુ (આદમીને) બુરાઇ કરવાની કઉઅત આપનાર તથા તેહને બેમરવત બનાવનારછે. અદેખાઇને લગતી વસ્તુ (કોઇની સારી હાલતને) હાંણી પોહચાડવાને લગતી ઇચ્છા ઉતપન કરનાર તથા (બીજાને સારૂ) ખરાબ આસા રખાવનારછે. ચકુનમને લગતી વસ્તુ (માંણસને) જગડાખોર બનાવનારછે. બુરા હવસને લગતી વસ્તુ (માંણસને) આપમતલબીઉં (ઇઆને મમતી) તથા નોકસાંનકારક બનાવનારછે. વેરને લગતી વસ્તુ (આદમીને) ભયં-કાર તથા વગર માયાવાલું કરનારછે. આલસાઇને લગતી વસ્તુ (આદમીને) સુસતીવાલું તથા ફરાંમુશીવાલું કરનારછે. અથરાંમણી કરાવનારા દરૂજનું કાંમ (ઇનસાંનને) ખરી બાબત છુપાવનારૂં તથા ઠગાઇ કરનારૂં બનાવનારછે. અને ચુગલીને લગતી વસ્તુ (માંણસને) નાંલાએક બનાવનારછે.

શાહનાંમું.

ده اهریمنند آن بنیروي شیر   که دارند جان و خرد را بزیر
بد و گفت کسري که ده دیو چیست   که زایشان خرد را ببباید گریست
چنین داد پاسخ که آزو نیاز   دو دیوند بازور و گردن فراز
دگر خشم و رشک است و ننگست و کین   چو نمام و دو روي و ناپاکدین
دهم انکه از کس ندارد سپاس   بنیکي و هم نیست یزدان شناس
بد و گفت ازین شوم ده پرگزند   کدامست اهریمن و زورمند
چنین داد پاسخ بکسري که آز   ستمکاره دیوي بود دیرساز
که او را نه بیني تو خشنود هیچ   همه در فزونیش باشد بسیچ
نیاز آنکه او را ز اندوه و درد   همه کور بینند و رخساره زرد
گزین پس گرزي خسروا دیو رشک   یکي دردمندي بود بي پزشک
اگر بر زمانه کسي بیگزند   ببیند شود جان او دردمند

دگر ننگ دیوی بود پرستیز   همیشه بید کرده چنگال تیز
دگر دیو کین است پرخشم و جوش   ز مردم برارد بناگه خروش
نه بخشایش آرد بکس بر نه مهر   دژآگاه دیوی پرآژنگ چهر
دگر دیو نمام کو جز دروغ   نداند نراند سخن بافروغ
دگر آن سخن چین دو رویه دیو   بریده دل از ترس کیهان خدیو
میان دو تن جنگ و کین افکند   بکوشد که پیوستگی بشکند
دگر دیو بیدانش ناسپاس   نباشد خردمند و نیکی شناس
بنزدیک او رای و شرم اندکیست   بچشمش بد و نیک هردو یکیست

જે અકલ અને રવાંનને ઉતરતે દરજેનું બનાવનારાછે, તે દસ એહરેમનોછે. તેઆરે નોશેરવાંને પુછીઉં કે તે દસ દેવ કીહાછે ? તેનો આએ રીતે જવાબ વાલેઓ કે લોભ અને મોહતાજ એ બે દેવો ઘણા શરીન અને જોરાવરછે અને તે પછી બીજા ગોસ્સો—અદેખાઇ—ચકુનમ—વેર—ચુગલી—અથરાંમણી—બુરી દીઆંનત અને નીમખહરાંમીછે.

(સ૦) આએ દસ ઇજા દેનારા બદકારો કેહવી પરકારની બુરી સકતી ધરાવેછે ?

(જ૦) લોભ એક જુલમ કરનારો અને આલસાઇ કરાવનારો દેવછે, કે જે કધી કોઇ ચીજથી ધરાતો નથી, પણ હમેશાં તે વધુ મેલવ્વા સારૂં ઇજા દેનારછે. મોહતાજ તે છે કે જેહને માંટે (માંણસ) હમેશાં ગમગીન, દુખી, દેખતી આંખે આંધરૂં અને ફીકા ચેહરાનું રેહછે. અદેખાઇનો દેવ (માંણસને) એક એવું દરદ ઉતપન કરનારોછે કે, જેનો એલાજ નથી; જો કોઇને ઇજા દીધા વગર તેહનો કાંઇબી વખત જાએતો તેના જાંન ઉપર વાત આવે. ચકુનમનો દેવ હમેશાં જગડા ભરેલો અને બુરૂં કરવામાં ઉલટ ભરેલોછે. વેરને લગતો દેવ ગોસ્સા ભરેલો અને જોશવાલોછે, અને કવખતે માંણસને બુમ પરાવનારછે તથા કોઇની ઉપર દએઆ અને રેહેમ કરનારો નથી. ચુગલીનો દેવ જુઠાં સેવાએ સાચ્ચું બોલી જાંણતો નથી. અથરાંમણી કરાવનારો દેવ ખોદાએતાલાની ધાસ્તીથી ટુટેલાં દીલનોછે, કારંણ કે તે, બે જણાં વચે લડાઇ અને વેર વસાવેછે, અને તેઓનો સંબંધ તોડવાની કુશેશ કરેછે. અને નીમખહરાંમી કરનારો કમઅકલ દેવ, અકલમંદી અને નેકીને પીછાંણનારો નથી, તેની પાસે મરવત અને દાંનાઇ મુતલક નથી, પણ તેની આંખ આગલ નેકી અને બદી એ બેહુ એકસાંનછે.

એજ મુજબ ઉપલાં મથાલાં નીચે પાદશાહ નોશેરવાંન અને વજેરગ મેહર વચે થાએલી વાતચીતમાં ઘણીખરી બાબત 'ગંજે શાયગાંન' માં આવેલી બીનાને મલતી આવેલીછે, તે ઉપરથી આપણને જણાએછે કે ઉપલું પુસતક સાસાંની પાદશાહોને લગતી તવારીખની અંદર શાએર ફીરદોસીને મલીઉં હતું અને તે ઉપરથી તેણે તેમાંની બીનાં પોતાનાં શાહાનાંમાંની અંદર આપીછે.

વલી અબુઅલી મહમદ બીન મહમદ મસકુયે નાંમનાં કાબેલ મહમદીઆંન ગરંથકારે 'જાવેદાંન ખેરદ' નાંમની કેતાબની સાથે આગલા પારસી, રૂમી, અરબ અને હીન્દી હોકમાઓનાં કેટલાંએક દાંનાઇ ભરેલાં લખાંણોનો સંઘરહ કરીને એક કેતાબ બનાવી હતી* તેમાં 'જાવેદાંન ખેરદ' નું ફારસી લખાંણ પુરૂ કીધા પછી, પાદશાહ નોશેરવાંનના કાબેલ વજીર વઝોરગમેહરે બનાવેલાં ઉપલાં 'ગંજે શાયગાંન' નામનાં પેહલવી પુસતક વીશે નીચે જણાવેઆ પરમાંણે લખાણું કરીઉંછે:—

کلمات بزرگمهر بزرجمهر که از حکمای مشهوراست میگوید دیدم دنیا را باتغیر و زوال و اهل دنیا را در گرو مانمهاي چیزي و کسي که تلف شد یا میشود و متاع دنیا را اندک و خوف و زوال آنرا بسیار و زندگاني در آن ناقص و نیزدیدم که اگر دنیا بتمام یک کس را بود و بتمام مطالب و آرزوهای خود از زن و فرزند و عزت و احترام و تسلط بر دشمنان برسد و از آفات و مکروهات درامان باشد و در کمال فارغ بالي سالهاي سال که نهایت عمرآدمي تواند بود زندگاني نماید تا وقتي که بدانش فرسوده شود و حسن و جمال از و مفارقت کند بصد سال نکشد و این مدّت خود معلوم که در جنب ملک بزوال چه باشد وبعد از و باندک زماني جمیع آنچه جمع کرده بود متفرق گردد و بناهاي که گزاشته خراب شود و نام او از یاد رود و جیش فراموش و اندوخته او و مال کسب او فاسد و خیال و حکومت او منتقل و اموال او بمیراث خواران متصل گردد مگر تقوي و نیکو کاري که عامل آن خراب و ضایع نمیشود ذکر جمیل او در دلها باقي میماند برانشدم که احتراز کنم ازهر شر و بدي که باعضاي و جوارح کردني باشد و در دل کره زدني و نزدیک کردم نیکو کاري و باندوختن آشنایي که باعث یاد آوري و ذکر خیر بود بنابرین اینسخنان را که بطریق سوال و جواب نوشته‌ام یادگار گزاشتم اگرکسي گوید که کیست اولي بسعادت گوئیم آنکه گناهان او کمتر باشد اگر گویند گناهان که کمتراست گوئیم آنکه قایم تر باشد بدین خدا و دور تر از دین شیطان اگر گویند دین خدا کدام است گوئیم نیّت نیک و گفتن و کردن خوب اگر گوید چیست نیّت نیک گوئیم میان روي و گفتن خوب راستي و کردن خوب جوانمردي و در گزشتن از لغزش مردم

---

* આએ ફારસી પુસતક 'જાવેદાંન ખેરદ' નાં નાંમથી યજદજરદી સને ૧૨૪૬ માં શેઠ માંણેકજી લીમજી હોશંગ હાતરીઆએ ઇરાંન દેશમાં છપાવી પરગટ કરીઉંછે.

બુજોરગમેહરના કલાંમો—વજોરગમેહર જે વીદવાંનોમાં મશાહુર હતો તે કેહછે કે, હું એ આએ દુનીઆંને નોકસાંન પાંમવા જોગ અને ફેરફાર થવા જોગ જોઇ. તથા દુનીઆંનાં લોકોને કોઇ ચીજને ઇઆ કોઇ શખસને જવાલ પોહચવાથી માએતમ કરતાં જોએઆં. અને દુનીઆંની દોલતને નાપાએદાર તથા ઘણો જવાલ પાંમનારી અને તેમાં જીનદેગાંનીને નોકસાંન પોંહચતું જોઇઉં. અને વલી મેં જોઇઉં કે, જો દુનીઆં સઘલી પરકારે એક શખસને સારૂ હોએ, અને તે પોતાની સઘલી મતલબ અને ઇછા જેવી કે ઓરત—ફરજંદ—ઇજ્જત—હશમત અને દુશમન ઉપર ફતેહ મેલવવામાં ફાવે. તથા આફત તથા નાપસંદ ચીજોથી જલવાએલો રેહ. અને વરસનાં વરસ પુરતી ફરાગતથી આદમી તરીકેની જેમ જીંદગી ગુજરી શકે તેમ પોતાની જીંદગી ગુજારે; પણ એકશો વરસની મુદતે તેની કાએઆને જવાલ પોહચવાનો. અને તેનીથી તેની ખુબી અને ખુબશુરતી જુદી પડવાની. અને એ વખતે તેને પોતાને જણાવાનું, કે વગર જવાલના મોલકમાં (ઇઆને હમેશની દુનીઆંમાં તેનું) શું થાનારછે. તેની પછી તેણે જે કાંઇ દોલત એકઠી કરેલીછે, તે થોડાજ વખતમાં તેનીથી દુર થાશે. અને તેણે બંધાવેલી જે એમારતો હશે, તે વેરાંણ થાશે. અને તેનાં નાંમની યાદ રેહશે નહી. તેનું લશકર તેને વીસરી જશે. તેણે મેલવેલો સાંમન તથા કરેલાં કાંમ ફોકટ જવાનાં. તેનો વીચાર તથા હકુમત ફેરફાર થવાની. અને તેની દોલત તેના વારેસોને મલવાની. પણ જે કાંઇ આવતી દુનીઆંમાં મદદ આપનારાં અને પુણનાં કામો તેણે કરેલાં હશે, તે ખરાબ થવાનાં અને નોકસાંન પાંમવાનાં નથી. અને તેની ખુબીની યાદ લોકોનાં દીલમાં કાએમ રેહસે. તે ઉપરથી હુંએ જેઓ લાગતાવલગતા હતા તેઓને ખરાબ તથા બુરાઇવાલાં કાંમો કરવાથી તથા તેહને દીલમાં વીચારવાથી દુર રાખવાનો, અને તેઓને સારાં કાંમો કરવાની, અને ઇજદાંની દોસ્તી મેલવવાની તરફેનવાલા કરવાનો ઠેરાવ કીધો. કે જેમાં મારી પોતાની યાદગારી અને શુકરગુજારીનો સબબ હતો. તેથી આએ સખુણોને (ઇઆને નીચે લખી જણાવેલાં લખાંણને) સવાલ જવાબના આકારમાં હુંએ લખેઆછે. અને તે (લખાંણને) મારી યાદગારીનાં કામ તરીકે હુંએ ગણેલુંછે.

(સવાલ) જો કોઇ પુછે કે, કીહું આદમી ઘણું બખતાવરછે ?

(જવાબ) તો હું કેહું છેઉં કે, જે ઘણું વગર ગુનાંહવાલુંછે તે.

(સવાલ) જો કોઇ પુછે કે, ઘણું ગુનાહ વગરનું (માંણસ) કીહું ?

(જવાબ) તો હું કેહું છેઉં કે, જે ખોદાતાલાના તરીકા ઉપર ઘણું ઓસ્તવાર રેહ અને શેતાનના તરીકાથી ઘણું દુર રેહ તે.

(સવાલ) જો કોઇ પુછે કે, ખોદાનો તરીકો કીહોછે ?

(જવાબ) તો હું કેહું છેઉં કે, નેક નઇઅત, સારૂં બોલવું અને સારૂં કરવું.

(સવાલ) જો કોઇ સવાલ કરે કે, નેક નઇઅત—સારૂં બોલવું—અને સારૂં કરવું શું છે ?

(જવાબ) તો હું કેહું છેઉં કે, પ્રમાંણીક વીચારવું, એ નેક નઇઅત—સારૂં બોલવું, એ સચાઇ—અને સારૂં કરવું, એ સખાવતછે." ૯

આએ પરમાંણે વજોરગમેહરનું સવાલ જવાબનું લખાંણ 'જાવેદાંનં ખેરદ' કેતાબને સફે ૪૯ થી સફે ૬૬ મે સુધી આવેલુંછે. પણ તેમાં લખાએલા સવાલ જવાબો કેટલેએક ઠેકાંણે પેહલવીમાં આવેલા સવાલ જવાબોનાં પરમાણ પરમાંણેની ગોઠવણમાં નથી. તપાસીને જોતાં ફારસીમાં કેટલાએક સવાલ જવાબો ઉલટપાલટ થાએલા જણાએછે.*

'ગંજેશાયગાંન' નામનાં પેહલવી પુસતકનું લખાંણ સવાલ જવાબના આકારમાં લખાએલુંછે તે ૧૬૦ સવાલ જવાબનુંછે. પણ એટલાંજ લખાંણથી એ પુસતક પુરૂં થાએલું નથી, પણ એની સાથનું વજોરગમેહરનું તે પછીનું બીજું લખાંણ સવાલ જવાબ વગર ચાલુ એબારતબંદીમાં લખાએલુંછે. આએ પેહલવી પુસતકની નકલ કરનારાઓએ વજોરગમેહરનું સવાલ જવાબ પછીનું સાદું લખાંણ બીજા ધણીનું સહમજીને, તેને ઉપલાં લખાંણથી છુટું પાડીને તેહની નકલ કરીછે. તેજ કારણને લીધે એ વીદવાંન વજીરનાં લખાંણનો ફકત સવાલ જવાબનો ભાગ કેટલીએક કેતાબોમાં લખાઇને ખતમ થાએઓછે. અને તેજ સબબથી જાવેદાંનખેરદના બનાવનારેબી ફકત સવાલ જવાબને લગતાંજ પેહલવી લખાંણનો ફારસીમાં તરજુમો આપેલોછે.

મરહુમ દસતુર રૂસતમજી બેહરાંમજી સંજાણા તથા તેઓના નબીરા મરહુમ દસતુર તેહમુલજી નવરોજજી રૂસતમજી સંજાણાંએ કરેલી 'ગંજેશાયગાંન' નામનાં પેહલવી પુસતકની નકલની અંદર વજોરગમેહરનું સવાલ જવાબને લગતું લખાંણ પુરૂં થયા પછી તેનીજ નીચે તેજ સફામાં તેઆરપછીનું વગર સવાલ જવાબે કરેલું 'ગંજેશાયગાંન' પુસતકને લગતું લખાંણ આવેલુંછે. તેમજ એ લખાંણના ૧૫૯ માં ફેકરાથી સેવટ સુધીનું જે લખાંણ થાએલુંછે તેમાં આએ દુનીઆંની દોલત નાપાએદારછે એવી મતલબનું જે લખાંણ પોતાનાં

* જુઓ શેઠ માંણેકજી લીમજી હોસંગ હાંતરીઆએ ઇરાંન ખાતે સને ૧૨૪૬ યજદજરદીનાં સાલમાં છપાવી પરગટ કરેલું جاویدان خرد 'જાવેદાંન ખેરદ' નામનું ફારસી પુસતક.

પુસતકની શરૂઆતમાં વજોરગમેહરે કરીઉંછે, તેજ મતલબને લગતાં લખાંણથી તેણે એ પુસતક પુરૂં કરીઉંછે: તે ઉપરથી આપણી વગર શકે ખાતેરી થાએછે કે એ લખાંણ આએ કાબેલ વજીરની પોતાનીજ કલમથી થાએલુંછે. અને આએ દલીલો ઉપરથીજ હમોએ 'ગંજેશાયગાંન'નું છુટું પુહેલું પેહલવી લખાંણ તેહનાં અસલ પુસતકની અંદર દાખેલ કરીઉંછે.

આએ નાંમીચા વજીર વીસે, સી. આર. મારખમ નાંમનો કાબેલ ઈંગરેજ ગરંથકાર શને ૧૮૭૪ ઇસવીનાં વરસમાં છપાવી પરગટ કરેલાં પોતાનાં ઇરાંનની તવારીખનાં પુસતકને સફે ૮૩ તથા ૮૬ મે પાદશાહ નોશેરવાંનના એહવાલમાં લખેછે કે:—

"His minister, Abuzurg-a-Mihir was a man of extraordinary wisdom, whom he had raised from the lowest station at Merv. His virtues and talents shed a lustre even on those of the great monarch who employed them. He is said to have introduced the games of chess and draughts from India into Persia."

"This great king was succeeded by his son Hormazd IV., who had been educated by Abuzurg-a-Mihir, the famous minister of Naushirwan, and often called by Roman writers the Seneca of the East."

"તેહનો (ઇઆને પાદશાહ નોશેરવાંનનો) અબુજરગમેહર નાંમનો અતીશ્ય દાહપંણ ધરાવનારો એક વજીર હતો, જેને મરવ નાંમનાં શેહર ખાતેથી (તેણે બોલાવી મંગાવીને) ઘણીજ હલકી પદવીએથી મોહટે દરજજે ચહડાવેઓ હતો; અને તેની ખુબી તથા બુધ્ધીનો અંકસ જે વખણાએલા પાદશાહની ચાકરીમાં તે હતો તે પાદશાહના સદગુણો ઉપર પરકાશ નાખતો હતો; અને એવું કેહવામાં આવેલુંછે કે હીંદુસ્થાંન ખાતેની શેતરંજ તથા દામની રમત ઇરાંનમાં એનાથી દાખેલ થાઇ હતી.

આએ બુજોરગ પાદશાહનો જાએનશીન (તેહનો બેટો) ચોથો હોરમજદ થયો હતો, અને જે પાદશાહ નોશેરવાંનના વખણાએલા વજીર બુજોરગમેહરથી કેલવણી પાંમેલો હતો, કે જે (બુજોરગમેહર) ને રોમી ગરંથકારો વારેઘડીએ ઉગમનનો શીનેકા* કેહતા હતા."

---

* શીનેકા—એ એક વખણાએલો રોમનો ફીલસુફ ઇસવી પેહલી સદીમાં થાઇ ગીઓછે.

આએ ઉપલી બાબત લખેઆ પછી ઉપલાં પુસતકનો કાબેલ બનાવનાર બુજોરગમેહરનાં મરણ વીસે પોતાની તરફથી નોટમાં લખેછે કેઃ—

"Hormuzd put the virtuous and learned Abuzurg to death, on a Suspicion that he had become a Christian."

"હોરમજદે ગુનવન્તા અને કાબેલ બુજોરગમેહરને તે કરીસ્ચીઅન થએલોછે એવા વેહમ ઉપરથી મારીનાંખેઓ હતો."

આએ ગરંથકરતાના નોટમાં જણાવેલા 'બુજોરગમેહર' નાં મરણ વીશેના વીચાર સાથે હમો એકમલતા થાતા નથી, અને તે વીચારને કોઇબી ભરોસાદાર પુસતકથી ટેકો મલે એવું હમો માંનતા નથી; કેમકે બુજોરગમેહરને અને તેહની સાથે પાદશાહ નોશેરવાંનના બીજા તરણ વજીરો 'યજદ ગોસસ્પ' 'માહઆજર' અને 'જરથુશત' ને હોરમજદે એકેક પછી મારી નખાવેઆ હતા, તે એ મતલબથી કે, તે વજીરો રાજની અંદર મોહટો વગ અને કાબુ ધરાવતા હતા; અને જેઆરે પાદશાહ નોશેરવાંને પોતાનું રાજ તેહના બે દીકરાઓમાંથી કીહાને આપવું લાએકછે. તે વીશે બુજોરગમેહર. યજદ ગોશસ્પ. અને ઉપર જણાવેલા બીજા વજીરોને સલાહ પુછી હતી, તે વખતે બુજોરગમેહરે તેમજ ઉપલા દુરઅંદેશ વજીરોએ, હોરમજદ રૂમના ખાકાંનની છોકરીને પેટે જનમેઓ હતો તે કારણસર તેહને તખતનો વારેસ કરવા સારૂં પાદશાહને પોતાની પસંદગી બતલાવી હતી નહી; પણ પાદશાહ નોશેરવાંને પોતાની મરજીથી અને બીજા રાજકારોબારીઓના વીચારથી, હોરમજદને પોતાનું તખત સપુરદ કરીઉં હતું. તેથી હોરમજદને ધારતી રેહતી હતી કે, રખેને કોઇ વખતે એ વજીરો મહને પાદશાહી તખત ઉપરથી ઉઠાડી મેલીને બીજાને તે ઉપર બેસાડે, અને તેજ ધારતીથી તેણે ઉપલા વજીરોને મારી નખાવેઆ હતા; અને તેની સાબેતી ફીરદોસીના શાહનામાં મધેથી ઉપલા વજીરોને મારી નાંખવાની બાબતનાં લખાંણની અંદરથી આપણને નીચે જણાવેઆ મુજબ મળેછેઃ—

سه مرد از دبیران نوشیروان — دو زین هر سه پیر و یکی بد جوان
چو ایزد گشسپ و دگر بوزرجمهر — دبیر خردمند بافرّو چهر
سه دیگر که ماه آذرش بود نام — خردمند و روشن دل و شادکام
بر تخت نوشیروان این سه پیر — چو دستور بودند و همچون وزیر
همیخواست هرمز کزین هر سه مرد — یکایک برآرد بناگاه گرد
همی بود از ایشان دلش پرهراس — که روزی شو نداند رونا سپاس

પાદશાહ નોશેરવાંનના તરણ વીદવાંનો હતા. જેમાં એક યજદ ગોશસ્પ, બીજો અકલમંદ અને કીરતીવાંન બુજોરગમેહર અને તરીજો માહ આજર, તેમાં બે જઈફ હતા અને એક જવાંન હતો. નોશેરવાંનની દરબારમાં તે તરણે જણ જેમ વજીર હતા તેમજ હોકમ ચલાવુનારા હતા, તેથી હોરમજદનું દીલ આએ તરણે વજીરોથી ધાસતી ભરેલું હતું, કે કોઈ દાહડે તેઓ તેની તરફ બેમરવત થશે, તેથી હોરમજદે તેઓને એકેદમ મારી નાંખવાનો થેડાવ કીધો."

ઉપલા વજીરોને એકેક પછી મારી નાંખેઆ બાદ, હોરમજદ નોશેરવાંને 'સીમાહ બુરજીન' નાંમના એક અમીરને મારી નાંખવા સારૂ તેહની બરોબરના બીજા એક અમીર બેહરાંમ બીન આજરમેહરની સાથે મશાવરત કરીને તેહની પાસે 'સીમાહ બુરજીન' ને સારૂં ખોટું બોલાવીઉં હતું. તેહને લગતી જીકરમાં બુજોરગમેહર, યજદ ગોશસ્પ અને માહ આજરે પાદશાહ નોશેરવાંનને તેહના વડા દીકરા હોરમજને તખત આપવા સારૂ મનાં કીવો હતો તે વીસેનું વરણન આએ રીતે આવેલું છે:—

چنین گفت بهرام کایران شاه   ز سیماه‌برزین تو نیکی مخواه
که ویرانی شهر ایران ازوست   که نه مغز بادش بتن در نه پوست
نگوید سخن جز همه بدتری   بدان بدتری بر کند داوری
چو سیماه‌برزین شنید این سخن   بد و گفت کای نیک یار کهن
ببد بر تن من گواهی مده   چنین دیورا آشنائی مده
چه دیدی ز من تا تو یار منی   ز گفتار و کردار اهریمنی
بد و گفت بهرام آذرمهان   که تخمی پراگندی اندر جهان
که آن در نخستین نخواهد درود   و ز آتش نیابی مگر تیره دود
که کسری مرا و ترا پیش خواند   بر تخت شاهی بزانو نشاند
ابا موبد موبدان بوزرمهر   چو ایزد گشسپ آن مه خوبچهر
بپرسید کاین تخت شاهنشهی   کرا زیبد و کیست با فرّهی
بکهتر دهم یا بمهتر پسر   که باشد بشاهی سزاوار تر
همه یکسر از جای بر خاستیم   زبانرا بپاسخ بیاراستیم
که این ترک زاده سزاوار نیست   کس اورا بشاهی خریدار نیست
که خاقان نژاد است و بد گوهرست   ببالا و دیدار چون مادرست
تو گفتی که هرمز بشاهی سزاست   کنون زین سپش مر ترا این جزاست

'બેહરાંમે (પાદશાહ હોરમજને) જવાબ દીધો કે ઓ સખી પાદશાહ! તું સીમાહ બુરજીનથી નેકીની ઉમેદ રાખતોમાં, કેમકે ઈરાંનનું શેહર એથી ઉજડ

થઇઉછે. એનામાં કસ્સી અકલ નથી. હમેશાં બદી વગરનું તેહનું બોલવું નથી. અને તે બદીથી ઇનસાફને ઉંધો વાલેછે. જેઆરે સીમાહ બુરજીને એવા સખુનો સાંભલેઆ તેઆરે તેણે (બેહરાંમને) કહીઉં કે, ઓ માહરા પુરાંણા મીત્ર માહરે સારૂં ખોટું માં બોલ, અને તેમ કરવાથી દેવની દોસ્તી માં કર, જેઆરથી તું મારો દોસ્તદાર હતો, તેઆરથી હમણાં શુધીં માહરા બોલવા અને કરવામાં તુંએ શું બુરૂં જોઇઉં? તેહનો બેહરાંમ બીન આજરમેહરે જવાબ વાલેઓ કે દુનીઆંમાં જેબી તુંએ વાવીઉંછે તેનું ફલ પેહલ્લાં તું નહી કાંએ ચાખે? આતશથી તું કારાં ધુવાડાં શેવાએ કસ્સું મેલવવાનો નથી. જેઆરે પાદશાહ નોશેરવાંને મોબદાંન મોબદ બુજોરગ મેહર તથા યજદ ગોશસ્પ અને માહ આજરની સાથે તુંને અને મહને પોતાનાં તખતની આગલ બોલાવી ગોઠણભરીએ બેસાડીને પુછીઉં હતું કે, આએ શેહનશાહી તખત કોણને જેબ આપસે અને તે વીસેની ખોરેહ કોણની અંદરછે? તખત નાંહલા છોકરાને આપું કે વડાને? પાદશાહીને લાએક કોણછે? તેઆરે હમો સઘલાઓએ ઉઠીને એકસરખી રીતે જવાબ દીધો કે, આએ બુરી બુનીઆદનો ખાકાંનની બેટીથી જણમેલો તુરક પાદશાહીને લાએકનો નથી. અને તેહને કોઇ પસંદ કરવાનું નથી, કેમકે તે કદ અને ચેહરામાં પોતાની માએના જેવોછે. પંણ તુંએ કહીઉં કે હોરમજ પાદશાહીને લાએકનોછે. તેઆરે તુંને તેહનો આએ ખાસ બદલો મલવોજ જોઇએ.'

આએ 'ગંજેશાયગાંન' કેતાબની સાથે બીજા તરણ પેહલવી રેસાલાઓ હમોએ આએ પુસતકમાં દાખેલ કીધાછે; તેમાં એક 'અન્દરજે આતરેપાત મારાસ્પન્દાંન' અને બીજો 'માદીગાંને ચતરંગ' તથા તરીજો 'અન્દરજે ખુસરોએ કવાદાંન' કરીનેછે; જેમાંના પેહલ્લાની અંદર દસ્તુરાંન દસ્તુર આદરબાદ મારાસ્પંદે પોતાના દીકરા જરતોશતને દીન અને દુનીઆંને લગતી નસીહત કરી હતી તેહનું બયાંન આવેલુંછે. અને બીજાની અંદર ઇરાંનના શેહનશાહ નોશેરવાંનના વખતમાં હીંદુસ્થાંનના દેવસારમ નાંમના રાજાએ મોકલેલી શેતરંજની તથા બુજોરગ મેહરે બનાવેલી 'વીને અરથશદર' ની રમતનું વરણન આવેલુંછે. અને તરીજામાં પાદશાહ નોશેરવાંને પોતાના વજીર અમીરોને કરેલી નસીહતછે.

'અન્દરજે આતરેપાતમ મારાસપન્દાંન' નો ગુજરાતી તરજુમો સને ૧૮૬૬ ઇસવીનાં સાલમાં સર જમશેદજી જીજીભાઇ જરતોશતી મદરેસાના એક વીદીઆ અભીઆશી એરવદ શેહરીઆરજી દાદાભાઇ ભરૂચાએ જરતોશતી દીનની ખોલ કરનારી મંડલીની તરફથી કરીને છપાવી પરગટ કરેઓ હતો. આએ

તરજુમો ઘણો કમીઆબ હોવાથી તથા તેમાં કેટલોએક સુધારો કરવાની જરૂર જણાવાને લીધે, હમોએ તેહનો પેહલવી ઉપરથી નવો તરજુમો કરીને આએ પુસતકમાં દાખેલ કરેઓછે.

દસતુરાંન દસતુર આદરબાદ મારાસ્પંદ, સાસાની રાજમો પાએઓ નાખનાર, એ વઉંસના પેહલલા પાદશાહ અરદેશેર બાબકાનના નબીરા હોરમજદ શાહપુરના વખતમાં થાઇ ગીઓછે. જે કાબેલ દસતુર, કુદરતી બખશેશથી એજમતી અને પેગમબરી દરજાવાલો હતો. આએ દસતુરના વખતમાં તેણે ઇરાંનના મુલુકમાં જે લોકો જુદા જુદા એતેકાદવાલા તથા જુદો જુદો ધરમ પાલનારા હતા, તેઓને દીનને લગતી સહમજ આપીને તથા મોજેજા બતલાવીને દીન ઉપર ચુસ્ત એતેકાદવાલા બનાવેઆ હતા. એ ઉપરાંત આએ માહગણેઆંની દસતુરે કેટલાંએક પેહલવીમાં લખાંણો કરેઆં હતાં. તથા તે વખતની ચાલુ પેહલવી તથા પાજંદ ભાષામાં બંદગીઓ જોડી હતી. જેમાં પતેત પશેમાંની—દુઆ નાંમસેતાએશને, આફરીને ગાહંબાર—સેતાએશને અમેહેસ્પંદાન ઇતીઆદી લખાંણો હાલ આપણી પાસે મોજુદ રહેલાંછે.

'આફરીને પત્ઝી' નામની પાજંદ બંદગી જે શેહનશાહ નોશેરવાંન કોબાદના વખતમાં લખાએલીછે, તેમાં પેગમબર અશો જરતોશતના વખતથી શેહનશાહ નોશેરવાંનના વખત સુધીમાં જે જે દીનદાર, અને દીનને મદદ આપનારા અને ભલી દીનનો ફેલાવો કરનારા ઇરાંનના પાદશાહો, પેહલવાનો, દસ્તુરો અને દીનના આગેવાંનો થાઇ ગીઆછે, તેઓનાં અશો રવાંનોની યાદ તેઓનાં કાંમની ટુક સીફત સાથે કરેઆમાં આવેલીછે. તે મધે શેહનશાહ અરદેશર બાબકાનની પછી દસતુરાંન દસતુર આદરબાદ મારાસ્પંદનાં રવાંનની યાદ કરેઆમાં આવેલીછે. તેમાં એ દસતુરને ગેબી યજદોની સકતી ધરાવનાર દીનના પેશવા મોબેદો (એટલેજે પેગમબરી દરજાના ધરમગુરૂઓ) ની સંફમાં ગણેલોછે.*

'માદીગાને ચતરંગ' નો ગુજરાતી તરજુમો હમોએ પેહલલાં સને ૧૮૫૪ ઇસવીનાં સાલમાં કરેઓ હતો. અને તે તરજુમો એજ સાલના આગસટ માસનાં 'જગત પરેમી' નાંમનાં વીદીઆને લગતાં માહવારી ચોપાનીઆંમાં છપાઇ પરગટ

[illegible] *
[illegible]

'આએ બંદગીની કઉઆત' મીનોઇ સકતી ધરાવનારા દીનના આગેવાન સઘળા દીનદારૂ મોબેદોના ફરોહરની સાથે, આદરબાદ મારાસ્પંદનાં ફરોહરને પોહચજો.

થએઓછે. આએ ચોપાંનીઉં તે વેલા આપણા ટોલાના ચંચલ ધરસ્થ, અને હાલના આપણી ગીરગાંમ પોલીસના નીઆધીસ શેઠ ડોસાભાઇ ફરાંમજી સી. એસ. આઇ. ની કલમથી લખાતું હતું. હમોએ કરેલો આગલો તરજુમો હાલના હમોએ કરેલા તરજુમાની સાથે સેહજ ફેરફારે સઘલો મલતો આવેછે.

'માદીગાંને ચતરંગ' નો આએ પુસતકમાં પરગટ કરેલો પેહલવી રેસાલો હમોએ નીચે જણાવેલી તરણ નકલોની સાથે સરખાવીને શુધ રીતે પરગટ કરેઓછે.

૧.લી—સને ૬૨૭ ઇઅજદજરદીનાં સાલમાં કરેલી નકલ (આએ નકલ કરનારે પોતાનું નામ તેમાં જણાવેલું નથી.)

૨ જી—નકલ એક સને ૧૧૩૧ ઇઅજદજરદીનાં સાલમાં મરહુમ દસતુર રૂસતમજી બેહરાંમજી સંજાંણાએ કરેલી.

૩ જી—નકલ એક સને ૧૧૪૮ ઇઅજદજરદીનાં સાલમાં ઉપર જણાવેલા બેહસતી દસતુર રૂસતમજી બેહરાંમજી સંજાંણાંએ શુરતવાલા મરહુમ દસતુર કાઉશજી રૂસતમજીને કરી આપી હતી.

આએ ઉપલી નકલોમાંની પેહલ્લી અને બીજી નકલ હમારાં પુસતકખાંનાંમાંછે અને તરીજી નકલ મુંબઇની પારસી પંચાએતનાં દફતરખાંનાંમાંછે.

શેહનશાહ નોશેરવાંનની દરબારના દાંનાઓની મનસકતીની અજમાંએશ કરવા સારૂં, હીંદુસ્થાંનના રાજાએ 'શેતરંજ' ની રમત ઇરાંન ખાતે મોકલી હતી. અને તે રમતનો ખોલાસો પાદશાહ નોશેરવાનની દરબારના દાનાવ વજીર બુજોરગ મેહરે કરેઓ હતો. તેહની સાબેતી ફીરદોસી તુસીનાં શાહનામાંનાં નાંમીચાં પુસતકમાંથી આપણને મલી આવેછે; પંણ બુજોરગ મેહરે 'વીનેઅરથશદર' નાંમની એક બીજી રમત આપણા યજદાંપરસ્તી મજહબને લગતી સાહમજ ઉપરથી ઉપજાવી કાહડીને હીંદુસ્થાંનના રાજાની દરબારના વીદવાંનો પાસે તેહનો ખોલાસો મેલવ્વા સારૂં પાદશાહ નોશેરવાંનના હોકમથી હીંદુસ્થાંન ખાતે લેઇ ગીઓ હતો, તેહને લગતી વીગત શાહનાંમાંની અંદર આવેલી બાબત સાથે મલતી આવતી નથી.

'અન્દરંજ ખુસરોએ કવાદાન' ના પેહલવી રેસાલાની બે નકલ હમોને મલી હતી. તેમાં એક નકલ મરહુમ દસતુર રૂસતમજી બેહરાંમજી સંજાણાએ શુરતવાલા જીમતનશીન દસતુર કાઉશજી રૂસતમજીને લખી આપેલાં દફતર મધેથી, અને બીજી નકલ તેઓના નબીરાહ મરહુમ દસતુર તેહમુલજી નવરોજજી સંજાણાએ પોતાનાં પુસતકખાંનાંને સારૂ કરેલી નકલ ઉપરથી હમોને મલીછે. અને આએ નકલ હાલ હમારાં પોતાનાં પુસતકખાનાંમાંછે. તે બેહુ નકલો ઉપરથી હમોએ તેની નકલ કરી અસલ સાથે મેલવીને તે આએ પુસતકમાં દાખેલ કીધીછે.

આએ પુસતક મધે પરગટ કરેલાં પેહલવી લખાંણો અસલ મુજબ હમોએ આએ પુસતકમાં આપેઆંછે. તે પછી તેહનો જંદ દસતખતે ઉચ્ચાર અને તેહમાં આવેલા અગતજોગ પેહલવી બોલોની ફરહંગ આપીછે. અને તે પેહલવી પુસતક તથા રેસાલાનો ગુજરાતી તથા ઇંગરેજી તરજુમો અસલ મુજબ કરેઓછે.

સેવટે હમોએ જણાવવું જોઇએછે કે, આપણાં મજહબનાં પુસતકોનો જેબી નાસ થએઓછે, તે આપણા ટોલામાં તેની થોડી નકલો રેહવાથી તથા તે પુસતકોનો આપણા લોકોએ કમ અભિઆસ કરવાથી થએઓછે. હાલમાં જેટલાં પુસતકો હીંદુસ્થાંન ખાતે આપણા દસતુર મોબદો પાસે બચી રહેલાંછે, તેહની નકલો જો આપણે હમણાં આપણાં અસલ વતન ઇરાંન ખાતે વસનારા જરતોશતીઓ પાસેથી મેલવવા માંગીશું તો તે મલવાની નથી; અને હાલમાં હીંદુસ્થાંન ખાતેના જરતોશતીઓ પાસેથીબી ૧૦—૧૫ વરસની ઉપરની નકલ ઘણામાં ઘણી છ કે સાતથી વધારે આપણને મલી આવવાની નથી. અને કોઇની તો એકથી વધારે નકલબી જણાતી નથી. માટે નકલોનાં કરતાં તે અસલ લખાંણો હાલના વખતમાં છપાવાથી વધારે મુદત સુધી તેહને જલવાઇ રેહવાની આપણને આસા રેહછે. અને તેજ દુરઅંદેશીથી આએ પુસતક તેહનાં અસલ પેહલવી લખાંણ સાથે હમોએ પરગટ કરીઉંછે.

આએ પુસતકમાં હમોએ જે પેહલવી શબ્દ કોસ આપેલોછે, તેમાં હમોએ આએ ઉપર જણાવેલા પેહલવી રેસાલાઓમાં આવેલા સઘલા પેહલવી બોલો આપેલા નથી; પણ જે બોલો હમોએ હમણાં સુધી પરગટ કરેલાં હમારાં 'દીનકર્દ' કેતાબનાં પેહલાં—બીજાં—તરીજાં અને ચોથાં દફતરની શબ્દ કોષમાં આવી ગીઆછે, અને તે સેવાએ જે બોલો સાધારણ હતા તે સેવાએના ઘટતા બોલો આપેલાછે.

આએ દીબાચો પુરો કરવા આગમચ હમારે જણાવવું જોઇઓછે કે હમોએ ઉપર જણાવેલા ચોઆરે રેસાલાઓના ગુજરાતી તરજુમાં ઉપરથી તેહનો ઇંગ્રેજી તરજુમો વાડીઆજીનાં માનવન્તાં ખાંનદાંનના એક ગરહસ્થ શેઠ હીરજીભાઇ પેશતનજી વાડીઆએ હમારી ફરમાએશથી કરેઓછે. તે મેહરબાંન મીતરનો હમો અતરે ઉપકાર માંનીએ છઇએ.

રોજ ૨૧ મો માહા ૧ લો સને ૧૨૫૪ ઇઅજદજરદી.

પેશોતન દસ્તુર બેહરાંમજી સંજાણા.

ગંજે શાઈગાંન કેતાબનો તરજુમો.

પાક ખોદાએતાલાની અને બીજા સઘલા મીનોયજદોની મદદ અને કઉઅતે કરી, તેમજ પાદશાહોના પાદશાહ ખુસરો[1] એ (ઇઅાને શેહનશાહ નોશેરવાંન આદેલે) ફરમાવેલા હોકમથી; હું બુખ્તેનો બેટો વઝોર્ગમિહ્ર[2] બાહાદુરીના ખાવંદ ખુસરો (ઇઆને નોશીરવાંન) નાં દેશની પ્રજાને લગતી મશવરતકાર સભાના પ્રધાંને, ચહડતે દરજ્જેનું કાંમ કરનારાઓ મધેથી, જે કોઈ શખ્સ સારાં અને ઉમદા કાંમો કરવા સારૂ (આએ દુનીઆંમાં) જણમેલો હોએ, તેને સારી સહમજ મલવા સારૂ, આએ નોંધેલું પુસતક રચીઉં છે. અને તેને "ગંજ શાઈગાંન" (ઇઆને સકતીવાંન દોલત) નું નાંમ આપીઉં છે. કારણ કે, આએ દુનીઆંને લગતી સઘલી મતા, અન્ત આવવાજોગ, બીગરવાજોગ અને ફેરફાર થવાજોગછે. અને વલી તે બખ્શેશ, (એટલેજે આએ દુનીઆંની દોલત) ની, જે કોઈ ખોદાએતાલાની તરફથી તેને સારૂ લાએકનો હોએ, તેહનેજ હાથ આવેછે. સાથી કે, તેને

---

૧ ખુસરો—આએ નાંમ સાસાની તખમાના વખાણએલા પાદશાહ નોશેરવાંન આદેલનું છે; આએ પાદશાહ પોતે દીનદાર અને લોકોના દુઃખભંજણ હતા, તેથી તેહને 'અનોશેહરવાંન' નાં એકાની નાંમથી લોકો બોલતા અને ઓલખતા હતા. શાહનામાં, મધે, શાએર ફીરદોસી તુસીએ, આએ પાદશાહને 'ખુસરો' ને બદલે کسری કસરીનાં નાંમથી જણાવેલોછે, અને તેમજ બીજા ફારસી ગરથકારો તેને એજ નાંમથી લખી ગીઆછે. રોમનના પાદશાહોનું નાંમ જે قیصر કસરી, કરીને પડીઉંછે, તે خسرو ખુસરો નાંમ ઉપરથી બનેલછે. અને તે ઉપરથી સેહજ ફેરફાર કરીને રૂમના પાદશાહોએ પોતાને સારૂ قیصر કેસર, નું નાંમ ધારણ કીધું; અને તે ઉપરથી રૂમના પાદશાહો 'કેસર' ને નામે બોલાવા લગાછે. હાલમાં આપણી બખતાવાર ઇંગલંડની માહરાંણી વીક્ટોરીઆએ જે 'કેસરે હીન્દ' ઇઆને "હીન્દુસ્થાનના મલકના માહારાજાઓની ઉપર રાજ કરતા" નો એલકાબ મેલવેઓછે, તે પણ આપણા ઇરાંની પાદશાહ 'ખુસરો' અથવા આદેલ સાસાની પાદશાહ 'ખુસરો' (ઇઆને નોશીરવાંન) નાં નાંમ ઉપરથી બનેલો એલકાબછે. અસલ 'ખુસરો' બોલની પેહલવી અવસ્તાના [illegible] હુસ્રવ, બોલ ઉપરથી થાએલોછે, અને તેના અરથ 'નેકનાંમ' અથવા 'વખણાએલો' એવો થાએછે.

૨ વઝોરગમિહ્ર—એ શેહનશાહ નોશેરવાંન આદેલના સમેથી કાબેલ અને ચહડતી પદવીવાલા વજીર 'બુઝરચમેહર' નું નાંમછે. આએ ફારસી પુસતકોમાં વપરાએલું બીજું નાંમ, અસલ પેહલવી 'વઝોરગમિહ્ર' ઉપરથી સેહજ ફેરફારે બનેલું છે.

તે (દોલત), તેના ઉદીઓગની અંદર થોડી મેંહનતે ઘણી મલેછે. અને તેથી તે શખ્સ મોહટી દોલતવાલો થાએછે, સરવેથી ચહડતે દરજેના કારોબાર તથા હકુમતને પોહચેછે, સરવેથી મોહોટી પદવી મેલવેછે, સરવેથી ચહડતું નામધારંણ કરેછે, અને તે (દોલત) થી જે શખ્સ, (આદમોની) લાંમબી જીનદગીને લગતાં[3], ફરજંદ અને ઓલાદના વધારાને લગતાં[4], ચહડતે દરજેની ઉમેદને લગતાં[5], સારો બદલો મેલવવાને લગતાં[6], તથા ઇનસાફનાં કામની મારફતે આદમીઓને ફાએદો કરવાનાં, હકુમતની મારફતે રઇઅતની જાલવણી કરવાનાં, અને બીજાં આએ દુનીઆંમાં સઘલી રીતની સગવડ આપનારાં જે કાંઇ કાંમો, આપણ મજદીઅસનાંનોને ચહડતો દરજો મેલવવાને મારેનાંછે, તે કરેછે. અને તે કાંમો, આએ દુનીઆંની કેટલીએક વસતુઓ પાએદાર રેહવાની નથી, તે વીસેની તેહની ઘણીજ અગંમ બુધ્ધિની શાબશી તથા એકમલતું મત આપનાર તરીકે ગણાએછે. કારણ કે, ૧૦૦ વરસની મુદતમાં, સરવેથી સરસ પેહલવાનની કાએઆનો અન્ત આવ્વો અને તેહની સકતીનો નાસ થવોછે. અને ૩૦૦ વરસની મુદતમાં, ખાંનદાંનની ખરાબ અવસ્થા થવાની અને નાંમ ફરાંમુશી તથા વગર ઇઆદમાં આવ્વાનું છે. અને મજદીઅસનાંનોનાં પાક મકાંન ઉજડ તથા આલુદગી ભરેલી હાલતમાં આવનારાંછે. તેમજ ઓલાદ તથા સેલસેલો

---

૩ આદમીઓની લાંમબી જીન્દગીને લગતાં કામ,—તેને સહમજવાં કે, જે દોલતમંદ શખસે, પોતાની દોલતથી હાસ્પીટલ ધરમનાં દવાખાનાં અને માણસ જાતને તનદરૂસ્તી મેલવ્વાને લગતાં બીજાં ખાતાંઓ તથા મકાનો બંધાવેઆં હોએ, અને તેવાજ બીજા બંદોબસ્તો કરેલા હોએ; કે જેથી, વબા તથા મરકીનો અટકાવ થાએ. દરદોનું નીવારણ થાએ અને દુકાલ તથા અનાજની તંગી મટે, અને માંણસ તથા પસુઓની જીનદગીને પુસ્તી મલે.

૪ ફરજંદ તથા ઓલાદના વધારાને લગતાં કાંમ—તે પોતાની હમજાતની સ્ત્રી તથા પુરૂષનાં લગણ વખતે વખતે કરી આપી, તેઓને નીતીથી ચાલવાનો બંદોબસ્ત કરી આપેલો, અથવા તેઓ વચે પડેલા કજીઆને તોડી, એકબીજાની જુદાઇથી રેહનારાં જોડાંને પાછાં રાટવાટ કરાવેલો. કે જેથી, હમદીનોમાં ફરજંદ અને ઓલાદનો વધારો થાએ.

૫ ચહડતે દરજેની ઉમેદને લગતાં કાંમ—એછે કે, દોલતમંદે પોતાની દોલતથી આએ દુનીઆંમાં તેને કીરતી મલે તથા આવતી દુનીઆંમાં ચહડતો દરજો મેલવવાની તેહને આસા રેહે એવાં સારાં કાંમો કીધાં હોએ.

૬ સારો બદલો મેલવ્વાને લગતાં કાંમો—તે પોતાના આતમાને આએ દુનીઆંમાં કરેલાં ભલાં કાંમોથી, આવતી મીનોઇ જેહાંનમાં શુખ અને ઇજ્જત મલે તેવાં કાંમોને સહમજવાં.

ઘણી નીચી હાલતમાં આવનારછે. અને ચહડતી કલા તથા કુશેશ વગર ફાએદાની થનારછે. તથા મેહેનત અને તસદી બરબાદ જનારછે. અને ખલકના પાદશાહોની પાદશાહી તથા તેહને લગતી દોલત રેહવાની નથી. પણ જેણે પોતાના સારા વખતની અંદર, ફ્રશોકેરેતિ[7] ને લગતાં (ઇઆને સવાબનાં) કાંમ કરેલાં હસે, તે કાએમ રેહસે અને નાસ પાંમસે નહી. અને, અશોઇનો આવાજ તથા ફ્રશોકર્ન્તને લગતી કીરતી અને સારૂ કાંમ કોઇથી છીનવી લેવાવાનું નથી.

હવે જેમ માહરામાં સવાબનું કાંમ કરવાની તથા ગુનાહથી દુર રેહવાની ઇચ્છા અને ઉલટછે, તેમ હું, માહરી મકદુર મુજબ, ખલકના ખાવંદો (ઇઆને પાદશાહો) ને, ખરાબ રીતે હકુમત કરવાથી અટકાવનાર, ઇઆતો તપાસ રાખવાની જેટલી સહમજ સકતી માહરામાંછે, તેણે કરી દરએક ગુનાહથી, હું પોતાને દુર રાખનાર છેઉં. અને યજદોની હસ્તી[8] તથા દેવોની નેસ્તી[8] વીસે, અને દીન[9] તથા રવાંન[10] બેહશત અને દોજખ

૭ ફ્રશોકેરેતિ-અથવા ફ્રશોકર્ન્ત—એ લોગત અવસ્તાના ફ્રશોકેરેતી, શબ્દ ઉપરથી નીકલેલોછે, જેહનો અસલ અર્થ 'ચહડતે દરજજેનું કાંમ અથવા બનાવટ' એવો થાએછે, અને તે નાંમ કેઆંમતના વખતનાં સુધારાનાં કાંમને આપેઆમાં આવેલુંછે, અને તેહની મતલબ રીસતાખેજના વખત ઉપર માંણસને શુખ મલે તેવાં સારાં કાંમને લગતીછે.

૮ યજદોની હસ્તી તથા દેવોની નેસ્તીનો અર્થ એ સહમજવો કે, યજદો અમર ઇઆને હમેશાં લગી રેહનારાછે, તેઓને અંગ્રમેનીઉસ તથા દેવોથી કસ્સો જવાલ કે ઇજા થવાની નથી; પણ રીસતાખેજના વખતમાં છેલ્લો સુધારો થએઆ પછી, પેદાએશની અંદર દેવોની હીલચાલ તથા તેઓની હસ્તી રેહવાની નથી અને સેવટે સઘલા દેવદરૂજાનો નાસ થવાનોછે.

૯ દીન—એ એક કુદરતી સકતી માંણસની અંદર તેહના પેદા કરનારની તરફથી બખશેઆમાં આવેલીછે, તેહનું નાંમછે. આએ ભલી સકતીનું કાંમ, માંણસને પાપની સજાથી અને સવાબનાં બદલાથી વાકેફ કરવાનું તથા યજદોના તરીકા તથા તેઓને લગતી સીખાંમણની સહમજ આપી દેવોના મારગ અને ખેઆલથી તેહને દુર રાખવાનુંછે.

૧૦ રવાંન—એ માંણસની અંદર ખોદાએતાલાની તરફથી મેલઆમાં આવેલી ગેબી, આતમાને લગતી સકતીછે. માંણસને આએ દુનીઆંથી ગુજરી ગીઆ પછી, તેહનાં બદનની અંદર, ઉલટા મારગથી તેહને જાલવવા સારૂ, દાદારની તરફથી જેટલી ગેબી સકતીઓ તેહની જીનદગીમાં બખશેઆમાં આવેલી હોએચ, તે સઘલી સકતીઓ, જાંહાંવેર માંણસના બદનમાં જીવછે, તાંહાંસુધી બદનના ચોકસ જુદા જુદા ભાગોમાં રેહછે. અને જેઆરે તે મરણની હાલતમાં આવેછે, તેઆરે તે સઘલી મીનોઇ સકતીઓ, તેનાં રવાંનની સાથે મલી જાએછે. અને આએ દુનીઆમાં જે કાંઇ સારાં ઇઆ નરસાં કાંમો તે માંણસે કરેલાં હોએચ, તેહનો હેસાબ આવતી મીનોઇ જેહાંનમાં રવાંનને પુછેઆમાં આવેછે, અને તેનો સારો અથવા નરસો બદલો રવાંનને ભોગવવો પડેછે.

વીશે, તથા ગુજરવા પછીની તરીજી રાત[૧૧], રીસ્તાખેજ અને તનપસીન[૧૨]ના હેસાબ શુમાર વીસે, હું બેશક છેઉં.[૧૩] અને હું તન તથા રવાંન અને આતમાને લગતી પવીતરાઈ અને શુખને, અને આએ તથા આવતી દુનીઆંની દરએક નેકીને પસંદ કરનાર છેઉં; (તેથી) હુંએ આએ દુનીઆંને લગતી માહરી ઇઆદગારીને સારૂ, આએ પુસતકમાં (તે વીશેનો) કેટલોએક ખોલાસો લખ્યોછે.

૨ (સવાલ) કીહું આદમી ઘણું બખતાવર ?

(જવાબ) જે ઘણું ગુનાહ વગરનું હોએ તે.

૩ (સવાલ) ઘણું ગુનાહ વગરનું (આદમી) કીહું ?

(જવાબ) તે, કે જે, યજદોના તરીકાની મારફતે ઘણું સાચ્ચું રેહ અને દેવોના તરીકાથી (પોતાને) ઘણું અતરંગ રાખે.

---

૧૧ તરીજી રાત—તે માંણસને આએ દુનીઆંમાં ગુજરવા પછીના તરીજા દીવસની રાતને સહમજવી. જરતોશતી દીનનાં ફરમાંન મુજબ. આદમીનું રવાંન તેહની આએ દુનીઆંને લગતી કાએઆમાંથી બાહેર નીકલેઆ પછી, તરણ દાહડા અને રાત સુધી આએ દુનીઆંમાં સરોશઅશોના સંભાલ તલે રેહછે. અને તરીજી રાતની આખરીએ ખોરશેદને તલુ થવાના વખત ઉપર, સરોશ અશોની મદદથી ચીનોદ જેહાંનની તરફ જાએછે. તે વેલા પેહલાં તે આદમીનાં રવાંનને, જાંહાં દરએક આદમીને તેણે આએ દુનીઆંમાં કરેલાં સારાં તથા નરસાં કાંમની તપાસ કરવાની ઇનસાફી દરબારછે, તાંહાં હાજેર થાવું પડેછે. અને તાંહાં પેલાં આદમીનાં નેક ઇઆ બદ કરતુકનો દેખાવ એક શુંદર ઇઆ કદરૂપી ઓરતનાં આકારમાં તેહને નજર આવેછે. અને પેલાં રવાંનનો ઇનસાફ થઆ પછી તેહને લગતાં સુખ અથવા દુઃખને સારૂ મુકરર થાએલાં મકાંન તરફ તે જાએછે.

૧૨ રીસતાખેજ અને તનપસીનના હેસાબ શુમારની મતલબ એછે કે, 'કેઆંમત'ના વખ્ત ઉપર, પાક ખોદાએતાલા સઘલાં આએ દુનીઆંથી ગુજરી ગએલાં માંણસોને સજીવણ કરસે. તે વખ્તે જે લોકોના ગુનાહની સજા બાકી હસે તેહનો હેસાબ કરીને, તરણ રાતની હદમાં તેહને સખ્ત સજા કરી તેહને સેવટની અમર કાએઆ બખશશે.

૧૩ એની મતલબ એછે કે, આએ ઉપલી વસ્તુઓ, (ઇઆને બાબતો) ઉપર, જે કોઈ શખ્સ ખરો વીસવાસ રાખે, તેજ શખ્સ ખરો દીનદાર, અને જરતોશતી દાખલ ગણાવો જોઇએ. કારણ કે મજદીઅસની જરતોશતી દીનનાં ફરમાંનની અંદર ઇજદોને કાએમ રેહવાનું અને દેવોને નેસ્ત થવાનું, આતમા અને તેહને સારે મારગે ચાલવાની સહમજ આપનારી દીન વીસેનું, સવાબકારને બેહશતનું મકાંન અને પાપીને દોજખનું મકાંન મલવા વીસેનું તથા આએ દુનીઆંથી ગુજરી ગીઆ પછી તરણ રાતમાં સારાં અને માઠાં કરતુકવાલાં આદમીનાં રવાંનને મલતા સંતોપ અને બેકરારી વીસેનું, તથા રીસતાખેજ અને તનપસીનના વખત ઉપર ગુનાહ અને સવાબને લગતો હેસાબ શુમાર થવા વીસે જાહેર કરેઆમાં આવેલુંછે, તે ઉપર જાંહાંસુધી એતેકાદ રાખે નહી, તાંહાંસુધી તે મજદીઅસની દીનવાલો ગણાએ નહી. અને એજ મતલબથી આએ દીનદાર વગેરે પોતાને વીસે લખીઉંછે કે, તે ઉપલી વસ્તુઓ ઉપર ખરો એતેકાદ રાખનારોછે.

(સવાલ) યજદોનો તરીકો કીહોછે ? અને દેવોનો તરીકો કીહોછે ? ૪

(જવાબ) ભલાઈ, એ યજદોનો તરીકોછે, અને બુરાઈ, એ દેવોનો તરીકોછે.

(સવાલ) ભલાઈ સાથીછે ? અને બુરાઈ સાથીછે ? ૫

(જવાબ) હુમત-હુખ્ત અને હુવરશત[૨] (એ તરણ તરીકા) થી ભલાઈ છે; અને દુશમત-દુશઉખ્ત અને દુશવરશત (એ તરણ તરીકા) થી બુરાઈછે.

(સવાલ) હુમત-હુખ્ત અને હવરશત (એટલે) શું ? તથા દુશમત-દુશઉખ્ત અને દુશવરશત (એટલે) શું ? ૬

(જવાબ) પ્રમાંણીક વીચારવું, તે હુમત; સખાવત કરવી[૨], તે ઉખ્ત; અને સચાઈથી રેહવું, તે હવરશત; તથા અપ્રમાંણીક વીચારવું, તે દુશમત; બખીલી કરવી, તે દુજુખ્ત, અને ગેરવાજબી થવું; તે દુશવરશતછે.

(સવાલ) પ્રમાંણીક વીચારવું, સખાવત કરવી, અને સચાઈથી રેહવું; કેહવી પ્રકારેછે ? તથા અપ્રમાંણીક વીચારવું, બખીલી કરવી, અને ગેરવાજબી થવું, કેહી રીતેછે ? ૭

(જવાબ) પ્રમાણીક વીચારવું, એ તરેહથી છે કે, આએ દુનીઆંની દોલતની આએપત, જો, (માંણસોને) વધારે દેખાએતો, જે (કાંમ કરવા) થી શરીરને શુખ થાએ, અને (તેનું) રવાંન દોજખમાં નહી જાએ, તેવી વસ્તુને તે પસંદ

---

૧ પાક અવસ્તામાં ફરમાવેલુંછે કે :—

[illegible]
[illegible]
[illegible]
[illegible]

જો (આદમી આએ દુનીઆંમાં પોતાને સારૂ) નેક વમાસે, સારા સખુન બોલે અને નેક કાંમ કરે તો, તેહનું રવાંન, (આવતી દુનીઆંમાં), બેહદ રોશની વાલાં મકાંનોમાં, પોતાનું રેહઠાંણ કરેછે. અને જો (તે પોતાને સારૂ) બુરૂં વમાસે, ખરાબ સખુન બોલે અને બુરાં કાંમ કરે તો, તેહનું રવાંન બેહદ અંધારાંવાલાં (દોજખનાં) મકાંનમાં પોતાનું રેહઠાંણ કરેછે.

૨ હુખ્તનો અરથ સખાવત કરવી એવો કરેઓછે. તેહની મતલબ વાંચનારે એ સહમજવી કે, માંણસે પોતાની જબાંનથી દરએક માંણસને એહવી સલાહ આપવી અને કેહવું કે, જેથી તેનું ભલું થાએ. યા કોઇને સારૂ વગર સવારથે તેનું ભલું થાએ એવી કોઇ સારાં માંણસને ભલાંમણ કરવી. અથવા ધરમને લગતી સહમજ આપીને આડે મારગે ચાલનારા લોકોને સીધા રસ્તા ઉપર લાવવાં. તથા દોજખનાં મકાંનથી તેઓનાં રવાંનને છોડવવું. ઇત્યાદી.

કરેર. સખાવત કરવી, આએ રીતેછે કે, બદનને માંટેનો ભાગ બદનથી અને રવાંનને માંટેનો ભાગ રવાંનથી અટકાવ્વો નહી[2]. અને સચાઈથી રેહવું, એ તરેહથી છે કે, પોતાના આતમાની તરફ સાચવટ અને વગર ઠગાઈએ ચાલવું.[3] અપ્રમાંણીક વીચારવું, તે આએ પરકારેછે કે, (માંણસ) આએ દુનીઆંને (પોતાની) મોજમજાને લગતી ગણે, અને (આવતી) મીનોઈદુનીઆંને બંદીખાંનાંને લગતી જાણીને (આંએ દુનીઆંમાં) એવી વસ્તુ પસંદ કરે, કે આએ દુનીઆંની કાએઆનો નાસ થએઆ પછી, તે (પસંદ કરેલી વસ્તુ) થી તેહનાં રવાંનને તસદી અને સજા થાએ. બખીલ થવું, એ રીતેછે કે, બદનને લગતો ભાગ બદનથી અને રવાંનને લગતો ભાગ રવાંનથી અટકાવે. ગેરવાજબી થવું, એ પરકારેછે કે, (માંણસ પોતાની જીનદગી) તનને લગતી ઈચ્છામાં, (ઈઆને બુરા હવસની તાબેદારીમાં રેહીને અપવીત્તર કાંમ કરવામાં) અને રવાંનને ઠગવામાં ગુજારે.

૮ (સવાલ) ભલાઈને સારૂ વધારે પુરતું કોણછે?

(જવાબ) જે (માંણસ) વધારે ડાહપંણવાલું હોએ તે.

---

૧ શરીરને શુખ થાએ અને રવાંન દોજખમાં નહી જાએ તે વસ્તુને પસંદ કરવાની મતલબ એછે કે, ખોદાએતાલાની મેહરબાંનગીથી, એક મજદીઅસની જરતોશતી ધરમ પાલનારને, તેને પોતાને જોઈએ તે ઉપરાંત, જે કાંઈ દોલત મલી હોએતો, તેથી તેણે આદમીઓનાં શરીરને શુખ થાએ તેવાં ખાતાંઓ, જેવી કે હાસ્પીટાલ, મુશાફરખાનાં, દવાખાંનાં, કસરતશાલા તથા ઉદીઓગશાલાઓ સ્થાપવી. તેમજ આદમીઓનાં રવાંનને દોજખની ઈજા નહી ભોગવ્વી પડે તેહને લગતી શહમજ આપવા સારૂ ધરમની મકતબ તથા મદરેસાઓ ઉંઘાડવી. અને ધરમને લગતું પુરતું ગણેઆંણ ધરાવનારા ધરમગુરૂઓ (ઈઆને દીનનો એલમ સીખેલા દસ્તુર મોબેદો) ની પાસે, ઠેકાંણે ઠેકાંણે ધરમને લગતી સહમજ આપનારાં ભાપાણ તથા વઆજો કરાવવી. કે તેથી તે મજદીઅસનાંનની જાત આએ દુનીઆમાં લોકોને સુખ આપનારી અને આવતી દુનીઆંમાં તેઓના આતમાનું તારણ કરનારી [illegible]ણાએ.

૨ બદનને માટેનો ભાગ બદનથી અને રવાંનને વાસતેનો ભાગ રવાંનથી અટકાવ્વો નહી—તેહની મતલબ એછે કે, જે કાંમો પોતાનાં બદનની જાલવણીને વાસ્તે ઘટતાં હોએ, તથા જે કાંમો પોતાનાં રવાંનને ચહડતે દરજ્જેનું સુખ આપવાને માટેનાં હોએ, તે કરવાથી પાછું રેહવું નહી.

૩ આતમાની તરફ સાચવટ અને વગર ઠગાઈએ ચાલવાની મતલબ એછે કે, બુરો હવસ અને તેહને લગતી ખરાબ સકતીઓ, જે રવાંનને લગતા વીચારથી ઉલટા મારગ ઉપર માંણસને ચલાવનારીછે, તે સકતીઓને તાબે નહી થાઈને, આસનીદેહ ખેરદ તથા તેહને લગતી ભલી સકતીઓથી, પોતાને આએ દુનીઆંમાં ચલાવ્વાએ, માંણસ પોતાના આતમાની તરફ સાચ્ચું અને વગર ઠગાઈએ ચાલનારૂં બનેછે.

(સવાલ) વધારે ડાહપંણવાલું (માંણસ) કીહું ? ૯

(જવાબ) જે તનનાં સૈવટને સહમજે તથા રવાંનના શતરૂઓને પીછાંણે અને પોતાની જાતને રવાંનને લગતા શતરૂઓથી સારી રીતે જાલવી સકે તથા તેને વગર ધાસ્તીથી રાખી સકે તે.

(સવાલ) તનનું સેવટ (એટલે) શું ? અને રવાંનને લગતા શતરૂઓ કીહા ? કે જે વીસેની દાંનાઓ સારી રીતે શહમજ મેલવી સકે. ૧૦

(જવાબ) તનનું સેવટ, એ સરીરનો નાસ થવોછે. અને રવાંનનાં શતરૂઓ, આએ (નીચે જણાવેલા) કેટલાએક દરૂજો[1] છે, કે જેઓને આદમીઓની અંદર, આદમીઓને ઠગવા તથા તેઓને (આવતી દુનીઆંનાં શુખથી) કંગાલ બનાવ્વા અને તેઓની (નેકીની) સાંહાંમણે થવા સારૂં અંગ્રે મેનીઉશે ઉતપન કરેલાછે.

(સવાલ) તે દરૂજો કીહા અને કેટલા છે ? ૧૧

(જવાબ) લોભ–મોહતાજ–ગોસ્સો–અદેખાઈ–ચકુનમ–બુરો હવસ–વેર–આલસાઈ–અથરાંમણી અને ચુગલીને લગતા (દશ) છે.

(સવાલ) આએ દરૂજોને લગતી વસ્તુઓ, કેહવી પરકારનો જોલમ ગુજારનારીછે ? ૧૨

(જવાબ) લોભને લગતી વસ્તુ, (માંણસને) ઘણું અસંતોશી રાખનાર અને ઘણું રખરાવનારછે. મોહતાજને લગતી વસ્તુ, (ઈનસાંનને) બીજાઓને ઘણું દુઃખ પોહચાડનારૂં બનાવનાર તથા તેહને પોતાને દુઃખ ખમતું કરનારછે. ગોસ્સાને લગતી વસ્તુ, (આદમીને) બુરાઈ કરવાની કઉઅત આપનાર અને તેને બેમરવતબનાવનારછે. અદેખાઈને લગતી વસ્તુ, (કોઈની) સારી હાલતને હાંણી પોંહચાડવાને લગતી ઈચ્છા ઉતપન કરનાર તથા (બીજાને સારૂ) ખરાબ આસા રખાવનારછે. ચકુમનને લગતી વસ્તુ, (માંણસને) જગડાખોર બનાવનારછે. બુરા હવસને લગતી વસ્તુ, (માંણસને) આપમતલબીઉં (ઇઆને પોતાની મતલબ પુરી પારનારૂં) તથા નોકસાંનકારક બનાવનારછે. વેરને લગતી વસ્તુ, (આદમીને) ભએઅંકાર તથા વગર માએઆવાલું કરનારછે. આલસાઈને લગતી વસ્તુ, (ઈનસાંનને) સુસ્તીવાલું તથા ફરાંમુશીવાલું બનાવનારૂં છે. અથરાંમણી કરાવનાર દરૂજની વસ્તુ,

---

[1] દરૂજોનો અરથ આએ જગોએ માંણસને આડે મારગે ચાલવા સારૂ છુપી ઉસ્કેરણી કરનાર બુરા જોસ્સાઓને સહમજવા.

(માંણસને) ખરી બાબત છુપાવનારૂં તથા ઠગાઈ કરનારૂં બનાવનારછે. અને :ુગલીને લગતી વસ્તુ, (આદમીને) નાંલાએક બનાવનારછે.

૧૩ વલી (દીનની રાહે) એમ જણાએલુંછે કે, જેઆરે અહુરમજદની પેદાએશને આવી રીતે સખતી ઉપજાવનારી વસ્તુ અંગ્રમેનીઉશે કીધી. કે જેથી, આદમીઓનાં મનમાં સવાબનો બદલો અને ગુનાહની સજા જે આખેરશનાં કાંમ તરીકેછે, તે છુપીઉં રેહ. તેઆરે પેદાના કરનાર અહુરમજદે, તે ઉપર જણાવેલા દરૂજોને અટકાવ્વાની માંણસોને મદદ મલવા સારૂં, (તેઓને) આસ્નીદેખેરદ, (ઇઆને જાતી બુદ્ધી). ગોશોસરૂતો ખેરદ, (ઇઆને એલમથી મેલવેલી બુદ્ધી.) સારો સ્વભાવ-ઉમેદ-સંતોષ-દીન અને વીદવાંન સાથની પુછપ્રછ, ઇત્યાદી ગેબી વસ્તુઓ, જે (માંણસને ઉપલા દુરગુણોથી) જાલવનારીછે, તે બખ્શી.

૧૪ (સવાલ) આએ દરએક ગેબી સકતીનો અધીકાર શુંછે ?

(જવાબ) આસનીદેખેરદનું કાંમ, પોતાની જાતને (ઇઆને માણસને) ગુનાહનાં કાંમની બીહીકથી તપાસમાં રાખવાનું, વગર હાંસેલની મેહનતથી તેહને જાલવ્વાનું, આએ દુનીઆંને લગતી દોલતની વધારે આએપતને સેવટને લગતી કાએઆનાં શુખને સારૂં વાપરવાનું, તથા ફ્રશકર્ત (ઇઆને આવની દુનીઆંના શુધારાને) લગતાં આતમાના કામને આએ દુની-આંની દોલતથી નહી ઘટાડવાનું, અને તેહની મારફતે પોતાની બદ-

૧૫ કારીને નહી વધવા દેવાનુંછે. ગોશોસરૂતોખેરદનું કાંમ, સારા મારગની સીખાંમણને શહમજવાનું, અને તે ઉપર મજબુત રેહવાનું, તથા જે ચીજ આગલથી જતી રેહ તે(હવી) ચીજ ઉપર ધેઆંન આપવાનું (ઇઆને તેહને પીછાંણવાનું), તેમજ જે (વસ્તુ) સેવટને લગતી હોએ, તેહની સહે-મજમેલવ્વાનું, તથા જે ચીજ નહી રેહી સકે એવી હોએ, તે ઉપર ભરોશો નહી રાખવાનું, અને જે કાંમ સરંજાંમ પોહચાડી નહી સકાએ, તેહવાં કાંમને હાથ નહી ધરવાનુંછે.

૧૬ સારા સવભાવનું કાંમ, બુરી ખાસીઅતથી તથા બુરા હવસની ખરાબ ઇચ્છાથી, (પોતાનાં) બદનને જાલવ્વાનું, તથા તેને સારી આદતવાલું બનાવ્વાનું, અને તેને સારા ખવાસનો સનગાર આપવાનું અને તેહવાજ દેખાવથી (તેને) રાખવાનુંછે.

૧૭ ઉમેદને લગતું કાંમ, (પોતાનાં) શરીરને કાંમની અંદર, મશગુલ રાખવાનું, અને તેહને સારાં કાંમને વાસ્તેની મેહનતમાં ચલાવ્વાનુંછે.

સંતોષને લગતું કાંમ, અપ્રમાંણીક ઇચ્છા રાખવાથી (પોતાની) જાતને સાચવવાનું, તથા તેહને વગર સંતોષથી, કંટાલા ભરેલી આદતમાં તથા અપ્રમાંણીકપણાંથી, બીહીક ભરેલી હાલતમાં રાખવાનું અને જે ચીજથી તેહને સેવટે પસતાવું પડે, તે ચીજ કોઈબી કારણસર નહી કરવાનું તથા જે ચીજ પસંદ કરવાજોગ હોએ, તેહને ખરીદવાનું અને જે (હોનારત) ફેરવાઈ નહી સકે, તેહને સારૂ તસદી અને ઈજા નહી ખેંચવાનુંછે. ૧૮

દીનને લગતું કાંમ, આદમીને ગુનાહની સજા તથા સવાબના બદલાથી વાકેફ કરવાનું, અને પજદાંના તરીકા તથા તેહને લગતી નસીહતની સહમજ આપીને તેહને દેવોના મારગથી અતરંગ રાખવાનુંછે. ૧૯

વીદવાંન સાથની પુછપ્રછને લગતું કાંમ, માંણસને બુરા હવસ તથા આપમતબથી જાલવીને, તેહને એહવી રીતે ચલાવ્વાનુંછે કે, જો તેહનાં કાંમથી કોઈ તરેહની ઈજા થાએતો, તેમાં તેહની પોતાની કસુર નહી ગણાએ. ૨૦

(સવાલ) આએ ગેબી બખ્શેશ ઉપરાંત આદમીઓનાં બદનમાં બીજી કેહી કઉઅતદાર વસ્તુઓછે. ? ૨૧

(જવાબ) સાહવચેત રાખનારી અકલ, મતલબને પાંમનારી મનસકતી, દેલને ઠેકાંણે રાખનારી હુશીઆરી. સારા દબદબાથી રાખનારો ખવાસ, (બદીથી) શુધારનારી આદત, ઈમાંનને જાલવનારો સંતોષ, અહડતે દરજજે પોંહચાડનારી ઉમેદ, ખાલેસીથી રાખનારી આંખો, સહમજ આપનારી બુદ્ધી, અને (નેકીને વાસતેની) મેહનત કરનારૂં ફરોહર ઇત્યાદી વસ્તુઓછે.

(સવાલ) આદમીઓમાં સારો ગુણ સાથીછે ? ૨૨

(જવાબ) ગણેઆંણ અને બુદ્ધીથી.

(સવાલ) એમાં કેહવી તરેહનું ગણેઆંણ અને બુદ્ધી સારીછે ? ૨૩

(જવાબ) જે (ગણેઆંણ અને બુદ્ધી), આદમીને વગર ધાસતીએ, વગર પાપે, અને વગર દુઃખે, ચલાવી સકે તે.

(સવાલ) માંણસની અંદર, અકલ સારી (વસ્તુ) છે કે, દાંનાઈ ? ૨૪

(જવાબ) અકલ, એ કાંમની સહમજ મેલવ્વા સારૂ (સારી વસ્તુ) છે: તેમ દાંનાઈ, એ કાંમને પસંદ કરવા સારૂ (સારી વસ્તુ)છે.

(સવાલ) ભલો સવભાવ કીહો ? ૨૫

(જવાબ) નમનતાઈ તથા મીઠી જબાંને બોલવાનો.

(સવાલ) સારી આદત કેહી ? ૨૬

(જવાબ) યજદાંનાં બેહશતની અંદરખાંનેથી (ઇઆને છુપી રીતે ખાહેશ રાખવાની.

૨૭ (સવાલ) સારો તરીકો કીહો ?

(જવાબ) ભલાઈને લગતો.

૨૮ (સવાલ) વધારે સારી ઈચ્છા કેહી ?

(જવાબ) વગર ગુનાહે રેહવાની.

૨૯ (સવાલ) સારો સવાબ કીહો ?

(જવાબ) સંતોષિ દોલતને લગતો.[1]

30 (સવાલ) સારૂં કાંમ કીહું ?

(જવાબ) દીનની ઈઆદ રાખવાનું.

૩૧ (સવાલ) સારી દાંનાઈ કેહી ?

(જવાબ) જેથી લોકો પોતાને સારે મારગે ચલાવી સકે અને દોજખથી પોતાના આતમાનો છુટકારો કરી સકે તે.

૩૨ (સવાલ) (આદમીને) ઈજ્જત શાથીછે ?

(જવાબ) સારી દોસ્તી અને સારી દરવેશીથી.[2]

૩૩ (સવાલ) વધારે નાંમદારી સામાંછે ?

(જવાબ) ઉદીઓગની અંદર.

૩૪ (સવાલ) માંણસનો ઘણો જાલેમ શતરૂ કોણછે ?

(જવાબ) તેહની બુરી કરણી.

૩૫ (સવાલ) આદમીની અંદર, કેલવણી સારીછે કે, સારી આદત ?

(જવાબ) કેલવણીથી માંણસ ચહડતે દરજજેનું અને સારી આદતથી તે સારા ખવાસને ધારંણ કરનારૂંછે. કેલવણી, એ (માંણસની) જાતને શુધારિનારછે. અને સારા ખવાસ, એ આતમાનો સંભાલ કરનારછે.

૩૬ હવે આદમીનાં બદનની અંદર, જે કાંઈ સારો ખવાસ, અકલને લગતી આદત અને બીજા સંઘલા સારા ગુનોછે, તે માંણસને ઘાત અને

---

૧ સંતોષિ દોલતનો અર્થ એ સહમજવો કે, જે દોલત, લોભ રાખવાએ, અનીતીથી, મેલવી હોએ, તેથી જુદીજ રીતની દોલત, જે નીતી અને પ્રમાંણીકપણાંથી ધંધો કરીને મેલવી હોએ, તેહને શહમજવી.

૨ સારી દોસ્તીનો અર્થ, ભલા લોકોની સંગત અને તેઓની સાથની સોહબતનો સહમજવો. તથા સારી દરવેશીનો અર્થ, આએ દુનીઆંની માલમતા ઉપર ધેઆંન ન આપતાં, ફક્ત ઓદાઈ રાહ ઉપર ચાલવાથી, જીન્દગી ગુજારવામાં, સંતોષ રાખવાનો સહમજવો.

નોકસાંન વગર રાખનારાછે. (કારંણ કે) જેહનામા અકલછે, તેહને વમા- ૩૭
સંણુ નથી. જેહનામાં સારા ગુણછે, તેહને ગરવ નથી. જેહનામાં તર્ક ૩૮-૩૯
સકતીછે, તેહને અથરાંમણી નથી. જેહનામાં ભલી ખવાસછે, તેહને વેર ૪૦
નથી. જેહનામાં સબુરીને લગતી દોલતછે, તેહને કોઈની એબ સોધવી નથી. ૪૧
જેહનામા સારો ખવાસછે, તેહને બખીલી નથી. જેહનામાં સારૂ તમી- ૪૨-૪૩
જછે, તેહને નોકસાંની નથી. જેહનામાં સચ્ચાઈછે, તેહને (કોઈનું) બુરૂં ૪૪
કરવું નથી. જેહનામાં (બેહશતને લગતી) ઉમેદછે, તેહને (નેક કાંમ કર- ૪૫
વાની) આલસાઈ નથી. જેહનામાં સખાવતછે, તેહને બખીલી નથી. ૪૬
જેહનામાં સારી દરવેશી, (ઇઆને કેનાઅત પકડીને ગરીબીથી રેહવું) છે, ૪૭
તેહને અધીરાઈ નથી. જેહનામાં (પોતાનાં) બદનની જાલવણીછે, તેહને ૪૮
આજારીપણું નથી. જેહનામાં (ખોદાની) તાબેદારીછે, તેહને ઠગાઈ કરવી ૪૯
નથી. જેહનામાં ખોદાનો ડરછે, તેહને બેપરવાઈ નથી. જેહને સારી ૫૦-૫૧
સંગતછે, તેહનું કાંમ લોકોને ઇજા દેવાનું નથી. જેહનામાં એકદીલીછે, ૫૨
તેહની પાસે જુદાઈ નથી. જેહને ધંધોછે, તેહને આલસાઈ નથી. ૫૩
જેહને ઉદ્દીઓગછે, તેહને અદેખાઈ નથી. જેહનામાં દાંનાઈછે, તેહને ૫૪-૫૫
ઇજા પોહચાડનારા દુરગુણોનો સંબંધ નથી.

(સવાલ) આદમીઓને જે કાંઈ વસ્તુ મલેછે, તે ભાગ્યેગથીછે કે, ૫૬
કરણીથી ?

(જવાબ) જેમ તન અને જીવછે, તેમ ભાગ્યેગ અને કરણી એક-
બીજાની સાથે જોડાએલીછે; કારંણકે જીવ વગર બદન, એક નકામું
પાંજરૂંછે; અને બદન વગર જીવ, નહી પકડાઈ સકે, તેવો એક પવનછે;
પંણ જેઆરે તેઓ એકબીજાની સાથે જોડાએલાં હોએચ, તેઆરે તે
(બેહુ એકબીજાથી) કઉઅતદાર અને (એકબીજાને) મોહટો ફાએદો કરનારાંછે.

(સવાલ) ભાગ્યેગ એટલે શું ? અને કરણી એટલે શું ? ૫૭

(જવાબ) અગત કરીને આદમીઓને જે કાંઇ વસ્તુ મલેછે, તેહનો
સબબ ભાગ્યેગછે. અને કરણી, તેહનો વસીલો (અથવા બાંહનું) છે.

(સવાલ) આએ દુનીઆંની દોલત કેહવી પરકારનીછે ? ૫૮

(જવાબ) જેમ ઉંઘમાં લોકો શું સારી કે શું માઠી વસ્તુને જોએછે;
અને જેઆરે ઉંઘમાંથી જાગેચ, તેઆરે તાંહાં કોઇબી વસ્તુ રેહતી નથી,
તે પરમાંણેનીછે.

(સવાલ) આએ દુનીઆંમાં વધારે બુજોરગી ધરાવનારો કોણ શખ્સછે ? ૫૯

(જવાબ) હીમતવાંન, ફતેહ કરનારો અને સવાબની ઇચ્છાવાલો પાદશાહ.

૬૦ (સવાલ) (આએ દુનીઆંમાં) ઘણો કંગાલ કોણ ?

(જવાબ) બુરી હકુમતે[1] કાંમ કરનારો દરવંદ.

૬૧ (સવાલ) બદીનો ફેલાવો કરનાર કોણ ?

(જવાબ) દરવન્દની[2] દીનની સહમજ આપનાર.

૬૨ (સવાલ) વધારે બેગરજ કોણ ?

(જવાબ) જે કોઇ વધારે સંતોષિ હોએ તે.

૬૩ (સવાલ) સંતોષિ દોલતવાલો કોણ ?

(જવાબ) જે કોઇ સારૂં કાંમ કરનાર હોએ તે.

૬૪ (સવાલ) સારૂં કાંમ કરનારો કોણ ?

(જવાબ) તે શખ્સ, કે જે આદમીઓને, તેઓની ગરંજને સારૂ, કોઇબી ઠેકાંણે બુરાઇ કરતાં નહી જોઇ સકે તે.

૬૫ (સવાલ) (બેહશતને સારૂ) ઉમેદવાર કોણછે ?

(જવાબ) પેદાએશને મદદ કરનારો ઉદીઓગી પુરૂષ.

૬૬ (સવાલ) ઉદીઓગ કેહવી પરકારનોછે ? અને પેદાએશને મદદ શી રીતે કરવીછે ?

(જવાબ) આદમીઓ નેક મારગે ધંધો કરે તથા જે કાંઇ કાંમથી તેઓને સજા થાએ, તેથી નીરદોષ તથા વગર મેહનતે રેહવાની કુશેશ કરે, તે ઉદીઓગછે. અને લોકોને વાસ્તેનું સારૂં તથા સારાં સેવટને લગતું કાંમ કરવું, એ પેદાએશની મદદ કરવીછે.

૬૭ (સવાલ) લાએક પાદશાહ કીહો ?

(જવાબ) દુઃખને વખતે આલમની મદદ કરનાર અને (તેહને) છુટાપણું આપનાર હોએ તે.

૬૮ (સવાલ) ઘણી બરોબર ચાલનું કોણ ?

(જવાબ) સેતારાની ચાલને લગતો વખત.

---

૧ આએ જગેએ બુરી હકુમતનો અર્થ દેવદરેગોના તાએબામાં રેહીને જીલ્મચાલ કરનારા હાકમ અથવા માંણસનો સહમજવો.

૨ દરવન્દનો અર્થ, ખોટા તરીકા ઉપર ચાલનારનો થાએછે; માટે પાપ અને ખોટારાંનું મુલ જે અંઘ્રમેનીઉશછે, તેહને તથા તેહની રાહ ઉપર ચાલનારને દરવન્દ સહમજવો.

(સવાલ) (આવતી દુનીઆંને સારૂ) વધારે તઈઆર થવાજોગ કોણ ? ૬૯

(જવાબ) જે (માંણુસ) ઘણું જઈફ થાએલું હોએ તે.

(સવાલ) ચુંટી કાહડવાજોગ આદમી કીહું ? ૭૦

(જવાબ) ઘણા અનુભવવાલું, વીદવાંન માંણસ.

(સવાલ) વધારે ખુશીવાલું કોણ ? ૭૧

(જવાબ) જે આદમી ઘણી ધાસ્તી અને આફતની અંદરથી બંચે તે.

(સવાલ) વધારે પસંદ કરવાજોગ કોણ ? ૭૨

(જવાબ) જે આદમી લાજને લીધે, બુરા હવસને; બરદાશત કરવાની સકતીએ કરી, ગોસ્સાને; બદનાંમીને સારૂ, અદેખાઈને; સંતોષે કરી, લોભને, અને ઈનસાફે કરી, મારામારીને સારી રીતે દાબેલી રાખે તે.

(સવાલ) વધારે નેકનાંમીવાલો કોણ ? ૭૩

(જવાબ) જે કોઈ માંણસોનું ભલું કરવાને ઘણું વાજબી ગણે તે.

(સવાલ) પરખીઆત કોણ ? ૭૪

(જવાબ) જે શખસ (બીજાઓ ઉપર) ઘણો સકલીવાંન તથા ફાવનારો હોએ તે.

(સવાલ) ઘણો સકતીવાંન અને ફાવનારો કોણ ? ૭૫

(જવાબ) તે કે જે, પોતાનાં કાંમ અને વીચારની મારફતે, પેદાએશનું સારૂં કરનાર હોએ તે.

(સવાલ) (આએ દુનીઆંમાં) વધારે ખુશ કરનારૂં કોણછે ? ૭૬

(જવાબ) લાએકીવાલું ફરજંદ અને ખાવંદની મરજી મુજબ ચાલનારી ઓરત.

(સવાલ) વધારે ચહડતે દરજજેનું કોણ ? ૭૭

(જવાબ) મોહતાજ વગરનું અને નહી લોભ રાખનારૂં ઈનસાંન, કે જે (આવતી દુનીઆંને લગતી) ચહડતે દરજજેની ઉમેદને સારૂ, લોકોને ફાએદા ભરેલાં કરવાથી, પરઉપકારી થવાની કુશેશ કરે તે.

(સવાલ) સબુરી વગરનો કોણછે ? ૭૮

(જવાબ) ઈજા પાંમેલો સકતીવાંન વેરી.

(સવાલ) ઘણું દુઃખ પોહચાડનાર કોણછે ? ૭૯

(જવાબ) બએઅંકાર તથા બુડાં શરીરવાલો ભરથાર તથા ઈજા દેવાવાલું ફરજંદ.

(સવાલ) વધારે ભયંકાર કોણ ? ૮૦

(જવાબ) રઈઅતને ઈજા દેનારૂં રાજ.

૮૧ (સવાલ) વધારે દુઃખી કોણ ?

(જવાબ) જે લાએકીવાલું (આદમી હોએ,) તે હીનપસ્તીમાં આવે, તથા જે સકતીવાંન ઈનસાંન હોએ, તે અસકતપણાંમાં આવે, અને જે આસાવંત માંણસ હોએ, તે આસા વગરનું થાએ, અને જે આપમતલબીઉં ઈનસાંન હોએ, તે પોતાનાં કાંમને સેવટે સહમજે તે.

૮૨ (સવાલ) ઘણું દરદી કોણ ?

(જવાબ) જે આદમી તવંગર હોએ અને તેહને ડાહપણવાલું ફરજંદ નહી હોએ તથા જે લાએકીવાલું ઈનસાંન હોએ અને તેહને ઘણું નાંલાએક તથા ઈજા દેનારૂં ફરજંદ હોએ તે.

૮૩ (સવાલ) વધારે ગમગીન કોણ ?

(જવાબ) એક લાએકીવાલું આદમી હોએ અને તેહની ઉપર, નાંલાએક ઈનસાંન ફાવે તે, તથા એક વીદવાંન પુરૂષ હોએ અને તેહની ઉપર, કબુધ્ધીવાલું આદમી હોકમ ચલાવનારૂં હોએતો તે, તેમજ એક ભલું માંણસ હોએ અને તેહની ઉપર, બુરાં ઈનસાંનની હકુમત હોએ તે.

૮૪ (સવાલ) કીહું (આદમી) ઘણી બખશેશને લાએકનુંછે ?

(જવાબ) નેક તરીકાવાલું, પરહેજગાર અને નેકીની ઉમેદવાલું, બેગુનાહ માંણસ.

૮૫ (સવાલ) ઘણો પસતાવો કરનારૂં આદમી કોણ ?

(જવાબ) આપરગીઉં ઈનસાંન, રવાંનને લગતી સહમજ મેલવનારો દરવંદ, અને પછમબુધ્ધીવાલું તથા બુરા હવસને તાએબે રેહેનારૂં અને વગર ઈજ્જતનું માંણસ, જેઆરે તે પોતાનાં કાંમનાં સેવટની સહમજ મેલવેછે તેઆરે.

૮૬ (સવાલ) પરઉપકારી થાવાને માંટેની કુશેશ કરનારૂં કોણછે ?

(જવાબ) જે (આદમી, આલમના) ફાએદાને માંટેનાં કાંમ કરે તે.

૮૭ (સવાલ) સારી નજર (ઈઆને સારાં દેલ) વાલો કોણ ?

(જવાબ) તે શખ્સ, કે જેહના તાએબામાં જે કોઈ હોએ તે, તેહનીથી (કોઈબી પરકારની) ખુબી મેલવે તો તે વીસે, તે ખોદાનો આભાર માંણે.

૮૮ (સવાલ) બદનાંમીવાલું (ઈનસાંન) કોણ ?

(જવાબ) જે આદમી માંણસોને ઈજા દેવાનાં કાંમને વધારે વાજબી ગણે તે.

(સવાલ) આએ દુનીઆંમાં આદમી વધારે બાએક શાથી થાઇ સકે? ૮૯

(જવાબ) તેથી, કે જાંહાંવેર તનદરૂસ્તી હોએ તાંહાંવેર તે, આખેરશ (ઇઆને બેહશત) ને લગતી ઇચ્છા રાખે. અને તન બીમાર થાએ તેઆરે, તેહતે તનદરૂસ્તી ચાહે. અને જેહારે બદનને સમરવાની આસા નહી રેહ તેઆરે, પોતાના આતમાનો (દોજખથી) છુટકારો થવાની ઇચ્છા રાખે.

(સવાલ) આદમીઓએ આએ દુનીઆંમાં સાનેસારૂ ઘણા આતુર ૯૦ રેહવું?.

(જવાબ) વગર સવારથે લોકોનું ભલું કરવાની ઇચ્છાને માંટે.

(સવાલ) સવારથ વગરની ઇચ્છા કેહી? ૯૧

(જવાબ) જે કાંઇ ઇચ્છા મેલવ્વાનો શોક કરેઆમાં આવે, તેહની અંદર પોતાનો સવારથ નહી હોએ તે.

(સવાલ) આદમીઓ ઘણાં અધીરાં સાનેસારૂછે? ૯૨

(જવાબ) જેહની ઉપર તેઓ પોતાની નેક ઉમેદ રાખતાં હોએ તેને સારૂ.

(સવાલ) આદમીઓએ આએ દુનીઆંમાં ઘણી ફીકર સાની રાખવી ૯૩ જોઇએ?

(જવાબ) ખરાબ વખતની, નરસાં કાંમની, ઠગારા મીત્તરની અને દએઆ વગરના દુશમનની હકુમત વીસેની.

(સવાલ) (આદમીએ) મુશતાક (ઇઆને વગર ફીકરે) સાનેસારૂ ૯૪ રેહવું જોઇએ?

(જવાબ) સારા વખત, નેક કાંમ, ઠગાઇ વગરના મીત્તર અને રેહમ દીલ, ઇનસાફી, હમદીન સરદારને સારૂ.

(સવાલ) સારો વખત કોહો? ૯૫

(જવાબ) જે વખતમાં બુરા લોકોનું ફાવ્વું તથા તે લોકોની હાક-મીનો દોર નહી પોહચેલો હોએ તે.

(સવાલ) ભલી દીન કેહી? ૯૬

(જવાબ) જેહમાં ઇઅજદોની તરફની નીતી, દેવોની તરફની અનીતી, સવાબનો બદલો અને ગુનાહની સજા સારી રીતે બતલાવેલી હોએ, તથા જેની અંદરથી ઘણી સારી ચાલચલણ, સવાબનો સારો તરીકો ઘટતી રીતે મલી સકે તે.

(સવાલ) કોહો હાકમ તથા માલેક સારો ગણાએ? ૯૭

(જવાબ) જે, આદમીને ઘણો ચાહનાર તથા તેઓના વખતને ઘણો સુધારનાર અને તેઓનું ભલું કરવાને (પોતાની) ફરજ તરીકે સહમતો હોએ તે.

૯૮. (સવાલ) સારો દોસ્ત કીહો ?

(જવાબ) જે સંકટની અંદર મદદ કરનાર અને સખતીના વખતમાં આસરો આપનાર હોએ તે.

૯૯ (સવાલ) ઘણો ચાહવાજોગ કોણ ?

(જવાબ) જે ઘણી નમનતાઈ ભરેલો, વધારે ઇજ્જત આપનારો, અને મીઠાસ ભરેલું બોલનારો હોએ તે.

૧૦૦ (સવાલ) વધારે અકારો કોણ ?

(જવાબ) મગરૂરી રાખનાર, દુઃખ દેનાર, એબ સોધનાર અને કડવું બોલનાર.

૧૦૧ (સવાલ) કશાકન્તને લગતો દોસ્ત કોણ ?

(જવાબ) સારી કરણી.

૧૦૨ (સવાલ) કશાકન્તને લગતો દુશમન કોણ ?

(જવાબ) બુરી કરણી.

૧૦૩ (સવાલ) જે વસ્તુ કશોકન્તના વખત સુધી કાએમ રેહે અને નહી ખરાબ થાએ તે કેહી ?

(જવાબ) સવાબનો જથ્થો.

૧૦૪ (સવાલ) ઘણું સારૂં શું ?

(જવાબ) ભલા લોકો સાથનો સંબંધ.

૧૦૫ (સવાલ) વધારે ફાએદાકારક શું ?

(જવાબ) વીદવાંનો સાથની બેઠક.

૧૦૬ (સવાલ) વધારે ભરોશો રાખવાજોગ શું ?

(જવાબ) સાચ્ચાં આદમીનું બોલવું.

૧૦૭ (સવાલ) વધારે ખુશી ઉપજાવનારૂં શું ?

(જવાબ) બેફીકરી તથા બેદરકારી.

૧૦૮ (સવાલ) નચીંતાઈ અથવા બેદરકારી સાથનું શું ?

(જવાબ) સારો વખત અને ઉદીઓગ.

૧૦૯ (સવાલ) ઘણું સુખવાલું શું ?

(જવાબ) વગર ગુનાહે તથા સારાં શેતરે રેહવું.

૧૧૦ (સવાલ) વધારે આસાએશ આપનારૂં શું ?

(જવાબ) વગર ગુનાહે તથા સંતોષિ દોલતે (ઇઆને સવાબકારીએ) રેહવું.

(સવાલ) વધારે કીમતી શું ? ૧૧૧

(જવાબ) વીદવાનો તથા ભલા લોકો તરફનો પ્રેઆર.

(સવાલ) વધારે ચલકાટ આપનારૂં શું ? ૧૧૨

(જવાબ) વીદવાંનોનાં કાંમ.

(સવાલ) વધારે ફરાગત આપનારૂં શું ? ૧૧૩

(જવાબ) સખી (માંણુસ) ની સકતી.

(સવાલ) વધારે સંકટમાં લાવનાર શું ? ૧૧૪

(જવાબ) બખીલ (માંણુસ) ની સકતી.

(સવાલ) વધારે પરખીઆત કરનાર શું ? ૧૧૫

(જવાબ) બખશેશનો તરીકો.

(સવાલ) ઘણી આતુરતાઈ ભરેલું શું ? ૧૧૬

(જવાબ) સવાબકારોનો બદલો.

(સવાલ) વધારે વગર આતુરતાઈ સાથનું શું ? ૧૧૭

(જવાબ) ગુનેહગારોનો બદલો (ઇઆને સજા.)

(સવાલ) વધારે પરમાંણીક શું ? ૧૧૮

(જવાબ) સંતોષિ દોલતવાલાઓની ઇછા.

(સવાલ) ઘણું ખુશબોદાર શું ? ૧૧૯

(જવાબ) નેકનાંમી.

(સવાલ) ઘણું માંન ભરેલું શું ? ૧૨૦

(જવાબ) માબાપ અને ઉસ્તાદના હોકમને માંનવો.

પેદાએશને સારૂ જે સંરવેથી સરસ દાંનાઇછે, તે દીનને લગતીછે. ૧૨૧
તેમાં ફરમાવેલુંછે કે, દરએક આદમી જેઆરે ૧૫ વરસની ઉમરનું થાએ, તેઆરે તેણે પેહલ્લાં જાંણવું જોઈએછે કે, હું કોણ છેઉ ! કોણની સાથે સંબંધ રાખું છેઉં ? કાંહાંથી આવેઓ છેઉં ? પાછો કાંહાં જવાનો છેઉં ? હું કોણની બુનીઆદનો અને કોણનાં વઉનસનો છેઉં ? મારે આએ દુનીઆંમાં શું ધનધો કરવો જોઈએછે ? સાથી મહને આવતી દુનીઆંમાં સારો બદલો મલવાનોછે ? હું મીનોઇ જેહાંનમાંથી આવેઓ છેઉં કે, આએ દુનીઆંમાં હયાતી પાંમેઓ છેઉં ? હું અહુરમજદનો ખેશ છેઉં કે, એહરેમનનો ? હું યજદોનો ખેશ છેઉં કે, દેવોનો ? હું ભલાઓનો ખેશ છેઉં કે, બુરાઓંનો ? હું આદમી છેઉં કે, દેવ છેઉં ? માહરે લગતો તરીકો કીહોછે ?

માહરી દીન કેહીછે? મહને સાથી ફાએદો અને સાથો નોકસાંનછે? માહરો દોસ્ત કોણછે અને માહરો દુશમન કોણછે? માહરી બુનીઆદ એકથી બનેલીછે કે, બેથી! નેકી કોણથીછે અને બદી કોણથીછે? રોશની કોણથીછે? અને અંધારૂં કોણથીછે? ખુશબોઇ કોણથીછે અને બદબોઇ કોણથીછે? ઇનસાફ કોણથીછે, અને જોલમ કોણથીછે? દયા કોણથીછે અને ઘાતકીપણું કોણથીછે?

૧૨૨. હવે આએ સવાલોનો (માંણસને) ખોલાસો કરનાર, તેની અંદર મેલાએલો આતમાછે. તેમજ (આદમી), ઈમાંનના વસીલાથી, અકલને મારગે એને લગતી સહમજ ખાતેરી ભરેલી રીતે મેલવનારૂંછે. કે હું મીનોઇ જેહાંનમાંથી આવેલો છેઉં. હું આએ દુનીઆંમાં હયાતી મેલવેલો નથી. હું પોતે હયાતી પાંમેલો નથી, પણ પેદા થાએલો છેઉં. હું અહુરમજદનો ખેશી છેઉં, એહરેમનનો ખેશી નથી. હું યજદોનો સંબંધ ધરાવનારો છેઉં, દેવોના સંબંધ ધરાવનારો નથી. હું ભલાઓનો સાથી છેઉં, બુરાઓનો સાથી નથી. હું ઇનસાંન છેઉં, દેવ નથી. હું અહુરમજદની પેદાએશ છેઉં, એહરેમનની પેદાએશ નથી. મારો સેલસેલો તથા બુનીઆદ ગયોમરદથીછે.[1] મારી માતા સફંદારમદ (ઇઆને ધરથી) છે.[2] અને મારો બાપ (ઇઆને બેહુ જેહાંનમાં મહને જનમ આપનાર) અહુરમજદ છે. હું મશ્ય અને મશીયાંનીથી આદમી તરીકે બનેલો છેઉં, કે જેઓનો સેલસેલો તથા બુનીઆદ પ્રથમ ગયોમરદથી બની હતી. મારૂં પોતાનું

૧. માહરો સેલસેલો તથા બુનીઆદ ગયોમરદથીછે. તેની મતલબ એછે કે, ફરવરદીન યશ્તના ૨૮ માં કરદાની અંદર ૮૭ મા ફેકરાના પાક અવસ્તામાં આપણ માણસ જાતની ઉતપત્તી આએ દુનીઆંમાં ગયોમરદથી જણાવેલીછે. અને આએ દુનીઆંમાં પેહલાં જણમ લેનાર તરીકે અશો ગયોમરદને ગણેલોછે, અને તેનીથી ઇરાન દેશનાં લોકોની તથા દુનીઆંના સઘલા આદમીઓની ઉતપત્તી થાએલી જણાવેલીછે.

(જુઓ હમારી છપાવી પરગટ કરેલી 'દીનકર્દ' કેતાબનાં બીજા દફતરને સફે ૮૯ મે આપેલી નોટ.)

૨ મારી માતા સફંદારમદ (ઇયાને ધરથી) છે.—તેની મતલબ એછે કે, ગયોમરદનાં મરણ પછી જયાં ગાયોમરદની કાયા પડી હતી, તેજ જમીન ઉપર એક જાહડ ઉગીઉં હતું. અને તે જાડમાંથી 'મશીય' અને 'મશીયાને' એટલે જે એક મરદ અને ઓરતનું જોડું પેદા થાઇઉં હતું. અને આએ દુનીઆનાં સઘલાં આદમીઓની ઓલાદ તે જોડાથી ચાલુ થાઇછે. એટલા વાસ્તે સફંદારમદ જે જમીનનો મવકલ ફરેસ્તોછે તેને આદમી જાતની માતા તરીકે જણાવેલોછે.

(જુઓ હમોએ છપાવી પરગટ કરેલી 'દીનકર્દ' કેતાબનાં દફતર બીજાંને સફે ૯૦ મે આપેલી નોટ.)

કાંમ અને ફરજ એછે કે, અહુરમજદની હસ્તી જે હમેશાં હતી અને હમેશાં રેહસે તેહની તથા તે સાહેબની હકુમત જે વગર જવાલની, વગર હદની અને પવીતરાઈ સાથનીછે, તેહની સહમજ મેલવવી. એહરેમન જે નેસ્ત થવાને માંટેનો તથા અન્ધાપા વાલોછે, તેને ઓલખવો. અને પોતાની જાતને અહુરમજદ અને અમેશાસ્પંદોની ખેશીમાં (ઇઆને સંબંધ તલે) રાખવી. અને એહરેમન તથા દેવોની બુરી યાદ કરવાથી હમેશાં દુર રેહવું. આએ દુનીઆંમાં પેહલ્લાં દીન ઉપર ઓસ્તવાર (ઇઆને મજબુત એકીનથી) રેહવું, તેને માટેનાં કાંમ કરવાં, તેને લગતી યાદ કરવી અને તેને લગતો ખોરાક (ઇઆને સવાબ) મેલવનાર થવું. ભલી મજદીઅસની દીનને માંટેનું ઈમાંન તથા વીચારો રાખવા. અને નોકસાંનની અંદરથી ફાએદાને, ગુનાહની અંદરથી સવાબને, બદીની અંદરથી નેકીને, અંધારાંની અંદરથી ઉજેડાંને, અને દેવપ્રસ્તીની અંદરથી યજદાંપ્રસ્તીને પસંદ કરવી. બીજું—ઓરત કરવી. આએ દુની- १२३
આંમાં પોતાની ઓલાદને ચાલુ રાખવી. અને તેને સકતી આપનાર તથા ખોરાક આપનાર થવું. તરીજું—જમીનની ખેતી કરવી અને તેને ફલ- १२४
વન્ત બનાવવી. ચોથું—ગોસ્પંદની મારફતે ફાએદાસર કાંમ કરવું. (ઇઆને १२५
ગોસ્પંદો પાસે તેઓની સકતીની હદ મુજબ કાંમ કરાવવું અને તેઓને ઈજા પોંહચાડવાથી દુર અને સંભાલ કરતા રેહવું.) પાંચમું—રાત અને १२६
દીવસના તરણ ભાગોમાંનો એક ભાગ, દીનને લગતી કેલવણી લેવામાં, અને પરહેજગાર લોકોની સાથે અકલની પુછપરછ કરવામાં ગુજારવો.[१] બીજો ભાગ ખેતીવારી અને જમીનની આબાદી કરવામાં ગુજારવો. અને તરીજો ભાગ ખોરાક ખાવામાં, ગમત કરવામાં અને આસાએશ લેવામાં ગુજારવો. (માણસે) આએ વાત ઉપર બેગુમાંન રેહવું કે, મને સવાબથી १२७
ફાએદો અને ગુનાહથી નોકસાંનછે. મારો દોસ્ત અહુરમજદછે, અને માહરો દુશમન એહરેમનછે. અને તે દરએકને લગતો તરીકો અને દીનછે. (એમાં) એક પેદાનો કરનાર અહુરમજદ જે હમેશાં હતો, અને १२८
હમેશાં રેહસે, તે બેકીનારે જમાનાવાલા સાહેબનો તરીકો હુમત-હુખ્ત અને હવશતનોછે; અને તે બેહશત તથા રોશની અને પવીતરાઈને લગતોછે. અને બીજો નાપસંદ કરવાજોગ તરીકો, અંગ્રમઈનીઉશ (ઇઆને એહરે- १२९

---

१ જુઓ વંદીદાદની ચોથી પરગરદના પાક અવસ્તાનો પ્રોફેસર વેસ્ટરગેઆરડે છપાવી પરગટ કરેલાં પુસતકનો ૪૪ તથા ૪૫ મો ફેકરો.

મન), જે (અહુરમજદની) પેદાએશમાં નહી રહેપો, અને (સેવટે) નથી રેહવાનો; તેને લગતો, દુશમત-દુજુખ્ત અને દુજવરશતનોછે. અને તે (તરીકો) દોજખ અને અંધારાને લગતોછે. તે (એહરેમન) ની સઘલી બુરાઇ, હલાકી અને ઘાત, હદવાલી, (ઇઆને આએ દુનીઆંમાં મુકરર વખત શુધીની) છે. જેથી, તે (એહરેમન અને તેની બદી), અહુરમજદની પેદાએશની અંદરથી,
૧૩૦ સેવટે નાબુદ થસે. વલી આએ વાત ઉપર વીસવાસ રાખવો કે, (અહુરમજદ અને એહરેમન), આએ બેની અંદર, અસલ એક (અહુરમજદ) પેદાએશને પેદા કરનાર હતો. અને ત્યારપછી (પેદાએશને ખરાબ કરનાર
૧૩૧ (એહરેમન) થએઓ.[1] તેમાં જે પેદાનો કરનાર અહુરમજદછે, તેથી સઘલી
૧૩૨ નેકી અને સઘલી રોશનીછે. અને જે ખરાબ કરનારો પાપી અંઘ્રમઇનીઉશછે, તેનીથી સઘલી બુરાઈ તથા હાંણી પોહચાડનારા અને (માંણસોને)
૧૩૩ ઠગનારા સઘલા દરૂગો (ઇઆને દુરગુણ સકતીઓ) છે. (વલી) આએ કેટલીએક ચીજો ઉપર (આપણે) એકીન રાખવું જોએછે કે, (આએ દુનીઆંમાં સેવટે) માંણસના આતમાનું બદનની અંદરથી નીકલી જવુંછે; અને બદનનું ખરાબ થવુંછે. તથા તેને આએ દુનીઆંથી ગુજરવા પછીની બીજી કાયાનું મલવુંછે. અને તેને તરીજી રાતે (મીનોઇ જેહાંનમાં) હેસાબ આપવોછે. અને માંણસે પોતાને (નેકી તથા બદીનો) બદલો મેલવવાને લગતા ચીનવદ પુલ તરફ લેઈ જવુંછે; અને આખેરશ સોસીઓશને આએ દુનીઆંમાં રીસ્તાખેજ અને તનપસીન કરવા સારૂં આવ-
૧૩૪ વુંછે.[2] માંટે ભલી દીનના તરીકા ઉપર તથા પોઓરીઓદકેશી દીન[3] ઉપર

---

૧ જાંણવું કે, વંદીદાદની ૨૨ મી પરગરદના પાક અવસ્તામાં દાદાર અહુરમજદે 'એહરેમન' વીસે આપણા પેગમબરને એમ જણાવીઉછે કે, હુંએ પેહલાં મીનોઇ જેહાંનની અંદર યજદ અમેશાસ્પંદોની પેદાએશને પેદા કીધી, તેની અંદર એક જંણ માહરા તરીકાને ખરાબ કરનારા રાહજંણ તરીકે મહને જણાએઓ. તેથી તેને દુર કરવાની તથા મારી હટાડવાની અને અટકાવવાની 'માથ્રસ્પન્ત' અને 'અઇરીઅમન' ને હુંએ સકતી આપી. અને તે 'માથ્રસ્પન્ત' અને 'અઇરીઅમન' ની મારફતે તેને જેર કરવાનો તથા હદમાં રાખવાનો હુંએ વેડાવ કરેઓછે. (જુઓ વંદીદાદની ૨૨ મી પરગરદના પાક અવસ્તાનો શરૂઆતથી તે શેવટ શુધીનો ભાગ.)

૨ જુઓ એ વીસે હમોએ છપાવી પરગટ કરેલાં 'દીનકર્દ' નાં પેહલાં દફતરને સફે ૨૯ મેની નોટ.

૩ પોરીઓદકેશી દીનનો અરથ પેહલા ધરમનો સહમજવો. કે જે યજદાંપરસ્તી મજહબ મીનો યજદોની સાહેતાથી ગયોમરદ, હોશંગ, તેહમુરસ્પ અને જમશેદ પાદશાહને મલેઓ હતો. અને તેઓએ દુનીઆંમાં તેનો ફેલાવો કીધો હતો.

એતેકાદવાલા રેહવું. અને (આએ દુનીઆંમાં) પોતાને સારા વીચારથી, સારા વચનથી, સાચી જબાંનથી અને સારાં કાંમથી રાખવું. અને ૧૩૫ સઘલા ભલા લોકોની સાથે ભલી દીનનાં કાએદાથી રેહવું. તથા સઘલાં સવાબનાં કાંમની અંદર તેઓ સાથે એકમલતા થવું. અને સલાહ સંપજ રાખવી. અને સઘલા ભલા લોકો સાથે દીનને લગતી ખુબી ભરેલો ચાલચલણથી ચાલવું. તેમજ જે ભલા લોકો આગલ થાઈ ગીઆછે અને જેઓ હાલમાંછે અને જેઓ હવેપછી થનારછે, તે સઘલાઓના સવાબની અંદર શામેલ તથા એકમત થવું. (માંણુસ) પોતાની જીનદગીની ૧૩૬ અંદર સવાબ કરેછે, તો તે ઘણું ચહડતે દરજજેનું ગણાએછે. એટલેજે જે સવાબ (માંણુસો) પોતે જાતે કરેછે, તેથી તેઓ વધારે પુણવન્તાં થાએછે.[૧] હું પોતે, જેબી માજદીઅસની દીનને લગતું ફરમાંનછે, તેને કબુલ કરીને ૧૩૭ તે ઉપર એતેકાદ રાખનાર છેઉં. અને જે માજદીઅસની ભલી દીનછે, તે ઉપર હું એટલોતો વીસવાસુ છેઉં કે, તેની બદગોઈ માહારાં શરીરના, કે માહરાં જીવના પેઆરને સારૂ, સારી જીનદગી ભોગવવા સારૂ, કે વધારે જીવવા સારૂ, બદનની અંદરથી જીવ જતો રેહ તોએપણ, હું કરવાનો નથી. હું નથી બીજા ધરમોની તારીફ કરવાનો; નથી તે ધરમોને હું વજન આપવાનો; કે નથી તેને હું માંનવાનો. વલી દેખાઈતુંછે કે, ૧૩૮ (માંણુસની) કરણીનો હેસાબ તેના વીચારો, વચનો, અને કાંમોથીછે. અને જે કાંઈ વસ્તુને માણુસોનું અન્તકરણ એખતીઆર કરતું નથી; તેને વીચારસકતી પોતે પકડતી નથી. માંણુસો જે કાંઈ કાંમ કરનારાં ૧૩૯ થાએછે, તે આએ સબબને લીધેછે, કે, તેઓના બદનની અંદર (કુદરતની તરફથી) તરંણ મારગ મેલેઆમાં આવેલાછે; તે તરંણ મારગે તરંણ મીનો (ઇઆને ગેબી સારી સકતીઓ) માંણુસની અંદર પોતાનું મકાંન કરેછે. તેમજ તરંણ બુરી સકતીઓ તેમાં પોતાને દાખેલ કરેછે. (માંણુસની) વીચાર સકતીની અંદર જેમ બેહમન (ઇઆને ભલા વીચારવાલી સકતી) નું મકાંનછે, તેમ કરોધને ઉતપન કરનારી સકતીને (તેમાં દાખેલ થવાનો) મારગછે. વચનની અંદર જેમ અકલનું મકાંનછે, તેમ વરૂન (ઇઆને ઉલટા વીચાર) ને (તેમાં દાખેલ થવાનો) મારગછે. અને કરણીની અંદર જેમ સ્પન્તોમઇનીઉશની જગોછે, તેમ (તેમાં) અંઘ્રમઇની-

૧ જુઓ 'દાદસ્તાંને દીની' કેતાબની સાતમી પુરશેશ અને તેનો જવાબ.

ઉશને લગતો રસ્તોછે. આએ તરંણ તરીકાને લીધે ઈનસાંનોને (આએ દુનીઆંમાં). મુશકેલીથી, (ઇઆને પોતાને સંભાલથી રાખવાની તસદીથી) રેહવું જોઇએછે. (કારંણ કે) તેઓએ આએ દુનીઆંની દોલત અને માલમતાની ઇછછાને સારૂ,, આવતી દુનીઆંને લગતો સારો બદલો મેલવવાનાં કાંમને
૧૪૦ છોડી દેવું ઘટારત નથી. વલી જે ઈનશાંનની અંદર હુંએ ઉપર જણાવેલી તરણ આભાર માંનવાજોગ સકતીઓછે, તે આદમી તે (સકતીઓ) ને લીધે પોતાના બદનમાંથી, પોતાના વીચારને બુરાં મનથી; વચનને બુરૂં બોલવાથી અને કરણીને બુરાં કાંમ કરવાથી દુર રાખનારૂંછે. અને તેજ ઈનસાંન ખોદાએતાલાનો આભાર માંણવાને લાએકતુંછે. પાક ખોદાએ-તાલાનો માંણસે આભાર માંનવો, એ માણસનું રવાંન કોઇબી તરેહથી દોજખમાં નહી જાએ તેહને સારૂં (એટલે જે ગુનાહથી દુર રેહવાનાં
૧૪૧ કારણને માટે) છે. વલી આદમી, જેઆરથી પોતાની માએ તથા બાપથી (આએ દુનીઆંમાં) જણુમ લીએછે, એટલેજે બાપની પીઠથી માતાનાં પેટમાં (તેને લગતો) હમેલ રેહછે, તેઆરથી, અસ્તોવીદેત (ઇઆને મોતનો દેવ) તેની ગરદનની અંદર, નહી દેખાએ તેવો એક ફાંધો નાંખેછે; (એટલે જે તેને ગુનાહ કરવાને ઉસકેરનારી ગેબી સકતી તેની સાથે તેના જનમથી રેહછે), તે બંદને તે (ઈનસાંન) ની જીનદગીની હદવેર, શું ભલામીનોની મારફતે, કે બુરામીનોની મારફતે, તે માંણસથી પોતાની ગરદનની અંદરથી કહડાઇ સકાતો નથી. પણ તે બંદ સેવટે તે આદમીને આએ દુનીઆંથી ગુજરી જતો વખતે, જો તે પુણવનતું હોએછે તો, તેનાં સવાબનાં કાંમને લીધે તેની ગરદનમાંથી બાહેર નીકલી પડેછે, અને જો તે (આદમી) પાપી હોએછે તો, (તે બંદ તેની ગરદનમાંથી નીકલી જતો નથી અને) તેજ બંદથી તેહને (વીજરેશ દેવ) દોજખની અંદર ઘસડીને લેઇ જાએછે.[૧] (એટલેજે, જે પાપની ઉસકેરની કરનારી સકતી જે તેની સાથે આએ દુનીઆંમાં રેહી હતી,
૧૪૨ તેનો સબબ તેને દોજખમાં ઘસડી લેઇ જાએછે.) માટે આંધરાં, મુગાં અને અસકત ઈનસાંનો સેવાએ, દરએક માંણસે આએ દુનીઆંની અંદર જેમ બને તેમ તસદી ભોગવીને (પાક ખોદાએતાલાની) આરાધના કરવા સારૂં, અને જે કાંઇ ગુનાહ તેઓના હાથ ઇઆ પગ (અને બીજી સકતીઓ) થી આએ દુનીઆંમાં થાએ તેને પીછાંણીને (તે ગુનાહ) પોતાથી દુર કરવા સારૂં,

---

૧ આએ બાબત વંદીદાદની ૧૯ મી પરગરદનાં પાક અવસ્તા તથા તેહને લગતી પેહલવી શરેહમાંથી આવેલીછે.

ધરમને લગતી મદરેસામાં તેહને લગતી કેલવણી લેવી. અને અવસ્તાની સહ-
મજ મેલવવી. બાપ અને માએમે સજાવારછે કે, તેઓએ પોતાનાં ફરજંદોને ૧૪૩
તેઓની ૧૫ વરસની ઉમર થવાની આગમચ, આએ (નીચે જણાવેલાં)
કેટલાંએક સવાબનાં કાંમ કરવાની કેલવણી આપવી. કારણ, કે, જે માએ
બાપો પોતાનાં બચાંઓને એ મુજબની કેટલીએક કેલવણી આપેછે, તે
ઉપરથી તેઓનાં બચાંઓ જે કાંઇ સવાબનાં કાંમ કરેછે, તેહનો બેહરો માએ
બાપને મલેછે; અને જેઓ (પોતાનાં બચાંઓને) તેવી કેલવણી આપતાં
નથી, તે બચાંઓ આએ કેલવણીનાં બલ વગર જે કાંઇ ગુનાહનાં કાંમ
કરેછે, તે ગુનાહ (તે બચાંઓનાં) મા બાપને લાગેછે. માટે (મજદીઅસનાં- ૧૪૪
નોએ પોતાનાં બચાંઓને ઉપલી મુદ્દતમાં શીખવવું કે તેઓએ) સવાબનાં
કાંમને સારૂં એકમલતા વીચારના રેહવું; ગુનાહનાં કામને સારૂં એકમત
નહી થવું: નેકી (કરવા) માટે ખોદાએતાલાનો આભાર માંનવો; આસમાંની
ગીરદેશથી આવતાં આફત તથા પીડાને ખમવી; અને પોતાની ફરજને લગતાં
કાંમો બજાવવાં. દરએક ગુનાહનો પસતાવો કરવો. અને જે ગુનાહની સજાનું ૧૪૫
નીવારંણ (કોઇ જાતના સવાબ ઇઆ બખશેશથી) થતું હોએતો તુરત તેમ
કરવું. અકલની મારફતે ઉલટા વીચારને તથા ઉલટી ઇચ્છાને મારવી; તથા ૧૪૬
સંતોશની મારફતે લોભને, બરદાશત કરવાની સકતીની મારફતે ગોસ્સાને,
સારી મતલબની મારફતે અદેખાઇને, આએપતની મારફતે કંગાલીઅતને,
સુલેહની મારફતે દુશમનીને, અને સચાઇની મારફતે જુઠાંણાંને મારવું.
વલી જાંણવું જોઇએછે કે, ભલું મકાંન બેહશતનુંછે. વધારે શુખ- ૧૪૭
વાલું શેહર, મીનોઇ જેહાંનને લગતુંછે. વધારે રોશનીવાલો ખંડ, આસ-
માંનનોછે. અને ગરોથમાંનનું રોશનીવાલું મકાંન, તથા સવાબનાં કાંમ, એ
તનપસીનને લગતી અહડતે દરજજેની ઉમેદને સારૂછે. જેઓને (તન-
પસીનની અંદર) ગુજર કરવી નથી, તે બુરાં લોકોછે. અને તેઓને તે
સકતીવાંન હકુમતના વખત[૧] માં બુજોરગી મલવાની નથી; કારણ કે ઉલટા
મારગવાલાઓને, (ઇઆને દેવોને તથા દેવની રાહ ઉપર ચાલનારાઓને),
બુજોરગી મલવાથી માંણસજાતની અંદર બદીની (પાછી) અસર પોહચે,
અને ભલાઇ ઢંકાઇ જાએ. (તે વખતે) સારી બુધીવાલાઓ ગુનાહોની ઉપર

---

૧ સકતીવાંન હકુમતની મતલબ એ છે કે, તનપસીનના વખત પછી અંગ્રમઇ-
નીઉશનું તથા તેને લગતા દેવદરૂજોનું જોર રેહવાનું નથી. પણ ફકત નેકીના
સાહેબ અશો અહુરમજદની હકુમતને તાએમે રેહીને સરવે કોઇ ભલાં કાંમો કરસે.

સકતીવાંન (ઇઆને ગુનાહને દાબી નાંખનારા) થસે. સાથી કે, સારી બુધી, એ ગણેઆંણતું બીછે. અને તેમાંથી અકલને લગતાં ફલની ઉત-પનતી થાએછે. અને અકલ માંણસને બેહુ દુનીઆંને લગતી ચાલ-ચલંણથી ચલાવનારછે. જે વીસે (ઇઆને સારી બુધીને સારૂ) કેહવામાં આવેલુંછે કે, સારી બુધી માંણસને ફરાગતના વખતમાં એક જેવર તરીકેછે; અને સખતીના વખતમાં તે (માંણસ) નો સંભાલ કરનારછે; અને આફતના વખતમાં તેની દેખરેખ રાખનારછે; તથા સંકટના વખતમાં
૧૪૮ તેહને રાજી રાખનારછે. વલી માંણસે પોતાનાં શુખનાં વખતમાં કોઇને હીનવું નહી; કારણ કે (બીજાને) હીનનારા શખસો પોતે હીનાએલા, બદબખતીમાં આવેલા અને બદદુઆ પાંમેલા થાએછે. અને તેઓને તાંહાં
૧૪૯ લાએક તથા હીમતવાંન બચાંઓ જણમતાં નથી. (દરએક જરતોશતીએ) દરરોજ ભલા લોકોને પુછપરછ કરવાની (ઇઆને દસતુર મોબેદોની તર-ફથી થાતી વાઅજની) મંડલીમાં જાવું ઘટારતછે, કારણ કે, જે કોઇ ભલા લોકોની મજલસમાં ઘણો જાએછે, તેહને (તેઓની તરફથી) સવાબ અને અશોઇની ઘણી બખશેશ થાએછે, (ઇઆને તેહને તેઓથી સવાબનાં કાંમ કરવાની અને આએ દુનીઆંમાં પવીતરાઇથી રેહવાની ઘણી નસીહત
૧૫૦ મલેછે). તેમજ દરરોજ (દરએક જરતોશતીએ) તરંણ વખત આતશ-કદેહમાં જવું અને આતશની નીઆએશ કરવી સજાવારછે; કારંણ કે જે કોઇ આતશકદેહમાં (ઇઆને આતશબેહરાંમ તથા આતશ આદરાંનની દરગાહમાં) વધારે જાએછે, અને આતશની વધારે નીઆએશ કરેછે; તો
૧૫૧ તેથી તેહને (યજદાંની તરફથી) દોલત તથા સવાબ મલેછે. તમારી પોતાની જાત બદનાંમીવાલી નહી થાએ, તથા તમારૂં રવાંન ગુનેહગાર નહી થાએ, તે સારૂ તમોએ પોતાનાં માબાપ તથા માલેકને ઇજા દેવાથી ઘણોજ સંભાલ
૧૫૨ રાખવો. વલી તમોએ જાંણવું જોઇએછે કે, દોજખી ધનાહમીનોની તર-ફથી, જે કાંઇ બેહદ ઘાત કરેઆમાં આવેલોછે, તેનો અટકાવ, આંખની બીનાઇ, કાંણનું સંભલાંણ અને કલેસનો દરૂજ, એ તરંણે સખતી ઉપ-
૧૫૩ જાવનારી વસ્તુઓને બંધ રાખવાથી થાએછે.[1] વલી (દીનમાં) જણાવેલુંછે

---

૧ આએ ફેકરાની મતલબ એવીછે કે, માંણસ આએ દુનીઆંમાં બુરી નજરથી, ખરાબ વાત સાંભલવાથી, અને ગોસ્સાથી, પોતાને ઇજા થાએ એવાં બદકાંમ કરેછે. તેનો અટકાવ ઉપર જણાવેલી તરણે ચીજોને પોતાના તાએબામાં રાખવાથી થાઇ સકેછે. કારંણ કે જો, માંણસ બુરી ધારણા ઇચ્છા બુરી મતલબ

કે, ખોરશેદ દરરોજ તરંણુ વખત આએ દુનીઆંનાં લોકોને આએ (ઇઆને નીચે લખી જણાવેલી) મતલબને લગતું ફરમાંન. આપેછે.
બાંમદાદને વખતે તે એમ કેહછે કે, તમો જે આદમીઓ છેઓ, તે ૧૫૪
તમોને અહુરમજદે ફરમાવીઉંછે કે, તમોએ દરએક સવાબનું કાંમ કરવામાં ઉલટ ભરેલા થાવું; કેમકે હું તમારી આએ દુનીઆંની જીનદગીને વસીલા તરીકે તેથી, (ઇઆને સવાબથી), ગણસ.' (ઇઆને હુંએ જે તમોને આએ દુનીઆંમાં જણમ આપેઓછે, તે નેકીનાં કાંમ કરવા સારૂ આપેઓછે: માંટે જો તમો નેકીનાં કાંમ કરસોતો, તમોએ આએ દુનીઆંમાં મારી
તરફથી જણમ લીધેલો વાજબી ગણાસે). બપોરનાં એમ ફરમાવેછે કે, ૧૫૫
(તમોને અહુરમજદનું ફરમાંનછે કે,) તમોએ ઓરત કરવી, (તમારી) ઓલાદ વધારવી અને બીજાં પોતાનાં ઉદીઓગને લગતાં કાંમ કરવાં; શાથી કે, ધર્તાંમીનો અને બીજા નોકસાંન કરનારાઓ (ઇઆને દેવ-દરૂજો), આએ દુનીઆંના લોકોથી તનપસીનના વખત શુધી જુદા પડવાના નથી.
ઓજીરંણને વખતે (ઇઆને પાછલાપોહરે) એમ કેહછે કે, (તમોને અહુર- ૧૫૬
મજદનું ફરમાંનછે કે) તમોએ જેકાંઈ ગુનાહ કીધો હોએ, તેનો તમોએ પસ્તાવો કરવો;[2] સાથી કે, (ખરાં અન્તકરંણથી) પસ્તાવો કરવાએ, હું
તમારો ગુનાહ માફ કરસ. વલી દેખઈતુંછે કે, ખોરશેદની રોશની જે ૧૫૭
જમીન ઉપર આવેછે, તે એટલા સારૂછે કે; ગોએઆ તે (ઇઆને ખોરશેદ) જમીન ઉપર આવીને આએ દુનીઆંનાં લોકોને કેહછે કે, તમો

રાએ નહીતો, તેથી તે ધારણા તથા મતલબને લગતાં પાપનાં કાંમો તેથી થાએ નહી; તેમજ જો તે, ખરાબ વાત સાંભળે નહીતો, ખરાબ કાંમો કરવાની તેહને ઇછ્છા થાએ નહી; અને જો તે કરોધ અને ગેઝબાને આધીન થાએ નહી તો, તેથી તે બુરા જોસસાથી નીપજતાં માઠાં કાંમો તેનીથી બની સકે નહી.

[2] જાંણવું કે આપંણ જરતોશ્તીઓ, આએ દુનીઆંથી ગુજરી જનારા દરએક જરતોસ્તીની નઇઅતે, તરીજે દાહડે ઓઝીરંણ ગેહમાં, પાદરોજને લગતી (ઇઆને તે ગુજરનારની નઇઅતે ફરજ ગુજારી કરીને પાક ખોદાએતાલાની હજુરમાં તેનીથી આએ દુનીઆંમાં થાએલા ગુનાહની માફી માંગવાને લગતી બંદગી કરવાની) મજલસ ભરીએ છઇએ. અને જે મજલસને આપંણ જરતોશ્તીઓ સાધારંણ રીતે હીનદુઓની ઉઠમણાંની ભીરીઆને નાંમે ઓલખીએ છેઇએ. તે મજલસ આએ ઉપલાં ફરમાંન મુજબ આપંણ વાજબી રીતે ભરીએ છઇએ. અને આપણી દીનની નાંમીચા 'વજરકરદેદીની' નાંમની પેહલવી

તમારા વીચારની અંદર ખોટું વીચારતામાં, વચનથી ખોટું બોલતામાં, અને કરણીથી ખોટું કાંમ કરતામાં; પંણ મજદોનાં બલથી અને અકલના તરીકાથી તથા દીનના ચહડતે દરજેના રસ્તાથી, તે (ખોટારાં) ની સાંમણે હમેશાં બલવન્ત રેહજો. અને ધેઆંન આપજો કે, સેવટે શવાબની કીમત એટલીતો ચહડતે દરજેની અને વગર હદનીછે કે, તે (આખેરશ) ધનહુમી-નોને છુપો તથા હલાકી ભોગવનારો કરસે. અને અહુરમજદ, એહરેમનને (પેદાએશથી) જુદો કરનાર તરીકે જણાસે તે આએ (સવાબકારીની) કોશે-શથી જણાસે. અને તે (તનપસીનના) વખતમાં, દરએક જણ દીનને લગતી સહુમજથી સવાબનું કાંમ કરવામાં ઉલટવાંન રેહસે; અને તે (મ કરવા) થી હર-
૧૫૮ ગેજ ફરસે નહી. આએ છેલ્લા હજારામાં જે ભલા અને દીનદાર લોકો હસે, તેઓ બેહદ બુરાઇનો સારો ઉપાએ મજદીઅસની દીનની મારફતે કરસે. અને ઘણાએક ધરમ પાલનારાઓ ભલા લોકોની દીનને લગતી તકરીરોને લીધે, પોતાનાં ઉલટાં કીધેલાં કાંમોથી ફરસે. અને જેઆરે, એહરેમન તથા દેવોને, તેઓ આએ પરમાંણુના ખવાસથી પાછા શુધરેલા દેખાસે, તેઆરે તેઓના ઘટારાના વખતનું પોહચવું તેઓને નજર આવસે. જે વખતે બુતપરસ્તોને તથા દેવને માંનનારા દીનદુશમનોને, લોભ આપનારા (દેવદરૂજો) થી છુટટા થાવું તથા ભલું કરનારાઓની તરફ ઉમેદવાર બનવું, અને જેમ બને તેમ અહુરમજદનાં કેશવરને લગતા (એઆને મજદીઅસની દીનવાલા) લોકોના વીચાર સાથે જોડાઇ જવુંછે. (તે વખતે) દરએક જણને બેહમનની (એઆને ભલા વીચારની) દોસ્તીથી, મોહટાઇ; દીનને લગતી ચહડતે દરજેની અકલથી વાદવીવાદ કરવી; અને અકલથી, પુણને લગતા રસ્તાને સોધવો; તથા સખાવતના તરીકાથી, રવાંનને ખુશી આપવી; સારા ગુણથી નાંમ મેલવવું; નમનતાઇથી દોસ્તો મેલવવા; ચહડતા દરજાની ઉમેદને પસંદ કરવી; સારા ખવાસથી ભલાઇને મેલવવી; અને પુણની મારફતે રોશનીવાલાં ગરોથમાંનને લાએક પોતાને બનાવ-
૧૫૯ વુંછે. તે વખતે, જેનેથી, જેવું સારૂં કાંમ (આએ દુનીઆંમાં) કરાઇઉ હસે

કેતાબમાંથી, ઉપલી માદરોજની કીઉઆ રેહલત પાંમેલા જરતોશ્તીની નશઅતે ઓજીરંણ ગેહમાંજ કરવા સારૂ પાક અવસતાની દલીલથી ફરમાવેલુંછે. (જુઓ શને ૧૨૧૮ ઇઅજદજરદીનાં સાલમાં જાંમે જમશેદનાં છાપાખાંનાંમાં શર જમ-શેદજી જીજીભાઇ તરાંસલેશંન ફંડના આસરાથી છપાવી પરગટ કરેલી 'વજરક-રદદીની' કેતાબને ૧૫૭ મે સફે.)

તેવું ફલ તેને મલસે. માટે આએ દુનીઆંનાં મોતમંદ તનવાલાં ઈનસાંનોએ, (પોતાના) રવાંનતી તરફ નજર રાખીને સવાબનાં કાંમ કરવાં; કેમકે આવતી મીનોઈ દુનીઆંને લગતું આપણું તન નથી, પણ રવાંનછે; માટે તમોએ આએ દુનીઆંને લગતાં બદનને સારૂ, ઈજત ભરેલાં રવાંનને છોડી દેવું તથા તેહને વીસરવું જોઈતું નથી. અને આતમાનાં માંનને થકી, તમોએ આએ દુનીઆંની નાપાએદાર દોલતને સારૂં, પોતાની ઈછા તે ચીજની ઉપર નહી લેઈ જવી, કે જેથી તમારી જાતને (આએ દુનીઆંની) સજા તથા રવાંનને (દોજખની) સીખ્શા થાએ; પણ તમોએ તમારી ઈછા તે વસતુ ઉપર રાખવી, કે જેથી તમોને ખુશીનું ફલ અને હમેશનું શુખ મલે. (કેમકે) નેક કરણી અને સારૂં કાંમ કરવું, (એ આદમીની) કુશેશથીછે. અને તેની ઉતપનતી બખ્શેશથીછે. વલી બખશેશ એ ખાહેશથીછે; અને ખાહેશ, હોશથીછે. અને હોશ રાખવો, મીનોઈ (દુનીઆને લગતી) દાંનાઈથી છે. દાનાઈ તે સકતીછે, કે જેથી જે કાંઈ હાલમાંછે, થાઈ ગોઉં અને હવે પછી થશે તે જાંણી સકાએ. તે (દાંનાઈ) સચાઈનો શોક રાખનારાઓ પાસે તરેહવાર રીતની સખાવત કરાવનાર, તેઓને દરએક વસતુની સહમજ આપનાર, જે કાંમ કરવું જોઈએ તેને લગતો તેઓમાં શોક ઉતપણ કરનાર, અને બેહુ દુનીઆંની (અંદર) રખશંન થાએ તેવાં ફાએદા ભરેલાં કાંમ કરાવનારીછે. વલી તમો ૧૬૦
જે ચહડતે દરજેનાં આદમીઓ છેઓ, તે તમોએ, તેમજ જે દેસને લગતા મજદીઅસનાંનોછે તેઓએ, (આએ નીચે જણાવેલી) અહુરમજદ અને અમેશાસ્પંદોને લગતી સારા તરીકાવાલી નસીહત જે દાનેશમંદ ધરમગુરૂ (ઈઆને પેગમબર અશો જરતોસ્ત) ની તરફથી કરેઆમાં આવેલીછે, તે સાંભલવી. અને તે ઉપર અમલ કરવો જોઈએછે. (જે ૧૬૧
નસીહત એછે કે), હોશીઆર આદમીઓએ હોશેહત (ગેડ) ના વખતમાં (ખોઆબથી) બેદાર થવું. અને દીનની શરત પરમાંણે હાથ અને મોહડાંને ગોસ્પંદનો નીરંગ લગાડીને તેને પાક પાંણીથી ધોવું. કાએદા પરમાંણે પાક પોશાક પેહડવો, અને તે ઉપર મજદીઅસની દીનની કીરીઆને લગતી કુસ્તી બાંધવી. અને તેઓએ નેક વીચારથી પોતાના વીચાર, વચન અને કાંમની મારફતે રવાંનને લગતાં સવાબનાં કાંમ કરવાં. અને તેવાંજ કાંમને શોધતા રેહવું. (કારંણ કે), જો આએ વસ્તુ (ઈઆને સવાબનું કાંમ) તેની દરકાર કીધા વગર મેલી દેવામાં આવેતો, અહુરમજદ

ખોદાએ, જે આએ દુનીઆંને લગતી જીનદગી (માંણસને સારૂ) વસીલા તરીકે મેલેલીછે, (તે જીનદગી) તે કાંમ કરવા આગમચ ખતમ થાએછે; અને (માંણસનો) હોશ, તરક સકતી, બુધી, અને આતમા, (તેનાં) બદન તથા હાડપનજરમાંથી જુદો પડેછે; અને (તેનાં) સરીરનો નાસ થાએછે. અને (તેનું) કાલબુદ રીમન અને નકામું થાએછે. તે કાલબુદ તથા બદન અને તેહને લગતો હોશ, તરક સકતી, બુધી, અને આતમા એકબીજાની સાથે સોશીઓશ તથા રીસ્તાખેજના વખત સુધી (પાછા) મલવાનાં નથી. કેમકે જેમ એક જાડ, કે જેને રોપેછે, અને તે ઉગેછે, તથા વધેછે અને ખીલેછે; અને જેઆરે (તેને) ભાંજેછે, તોડેછે, કાપેછે, અને તેને આતશ ઉપર મેલેછે, (તેઆરે) તે આતશ તેને બાલેછે અને તેનો ભખશ કરેછે. અને ગાલેબ પવન તેની ખાકને દુનીઆંમાં પરાગંદે કરેછે. હવે જેને સારૂ તે જાડ રોપેઆમાં આવીઉં હતું, અને જેણે તેને જોઈઉં હતું, તેને જણાતું નથી કે તે જાડ તેનું હતું કે નહી. તે પરમાંણે
૧૬૨ આદમીનાં સરીરની હાલત બનેછે. ત્યારે આએ દુનીઆંનાં આદમીઓની અંદર વધારે બુજોરગી ભરેલું આદમી તેછે કે, જે પોતાની પાસની વધારે દોલતથી સવાબનાં કાંમો એકઠાં કરે, અને ખેશાવંદો તથા દોસ્તો અને જુદદીનવાલાઓ સાથે કરેલો કોલકરાર તોડે નહી;[૧] અને પોતાની ઓલાદ તથા ખાંનદાંનને લગતો બંદોબસ્ત ખરાબ વીચારવાલા, ખરાબ વચનવાલા, ખરાબ કાંમવાલા, ઉલટી ચાલચલણવાલા અને કોલ ટોડનારાં
૧૬૩ આદમીની સાથે નહી કરે. (કેમકે માક અવસ્તામાં જણાવેલુંછે કેઃ—)

---

૧ 'મેહર યશત'ના બીજા કરદામાં અશો અહુરમજદે આપણા પેગમબરને ઉપર જણાવેલીબાતનેઅને લગતું ફરમાંન નીચે જણાવેલા પાક અવસ્તામાં આપેલુંછેઃ-

[illegible]
[illegible]
[illegible]
[illegible]

ઓ સ્પીતમાંન જરતોશત! કોલને ટોડનારો રાહજન, સઘલાં દેશને ખરાબ કરેછે. માટે ઓ સ્પેતમાંનના જરતોશ્ત! તું શું પાપીની સાથે કે, શું પોતાની દીનવાલા અશોની સાથે કરેલા કોલને તોડતો માં. કેમકે પાપીની સાથે તેમજ અશો માંણસની સાથે કરેલો કરાર એ બેહુ એકસરખાછે.

"જે ઈનસાંન સારા વીચારથી વીચારેછે, સારા વચનથી બોલેછે, અને સારી કરણીથી કાંમ કરેછે, તે તેહના સાર વીચાર, સારા વચન, અને સારાં કાંમથી પોતાનાં રવાંનને સરવેથી ચહડતાં (ઈઆને ઓતમ બેશતનાં) મકાંનમાં પોહચાડનારૂં છે." કારણ કે સારા વીચારથી વીચારનારો, સારા વચનથી બોલનારો, સારી કરણીથી કાંમ કરનારો, દીનના પવીતર આપવાલો, મજદીઅસની દીનનાં કાંમને લગતા સારા ખવાસંવાલો અને સવાબના તરીકાવાલો સપેનામીનોછે. "વલી જે ઈનસાંન બુરા વીચારથી વીચારેછે, બુરા વચનથી ૧૬૪
બોલેછે, અને બુરી કરણીથી કાંમ કરેછે, તે તેહના બુરા વીચાર, બુરા વચન અને બુરાં કાંમને લીધે, ઘણાંજ બુરાં (ઈઆને સરવેથી દુખ ભરેલાં દોજખના) મકાંનમાં, પોતાનાં રવાંનને સપુરદ કરેછે:" કારણ કે બુરા વીચારથી વીચારનારો, બુરા વચનથી બોલનારો અને બુરી કરણીથી કાંમ કરનારો, જાદુઈની દીનવાલો, પવીતરાઈને હાંણી પોહચાડવાના ધનધાવાલો અને ઠગાઈના તરીકાવાલો અંધ્રમઈનીઉશછે. મારે હોશીઆર માણસોને ઘટારતછે કે, ૧૬૫
તેઓ સવાબની ઉપર મોહટી ઉમેદ રાખીને ગુનાહ નહી કરે. અને પોતાની જવાંની ઉપર મુશતાક નહી રેહ. કારણ કે ઘણા શખ્સો નાંહલી ઉમરની અંદર આએ દુનીઆંથી ગુજરી જાએછે, અને જાંણે તેઓ (આએ દુનીઆંમાં) જણમેઆજ નહી હોએ, તેમ (આપણથી તેઓ) અનદીદ થાએછે. અને જેઓ (આએ દુનીઆંમાં) લાંમબી મુદત શુધી રેહછે, તેઓ પણ સેવટે આએ દુનીઆંથી ગુજરવાને તથા અનદીદ અને નાબુદ થવાને લાએકનાછે. તેઆરે આપણને હમણાં ઘટારતછે કે, આપણે આએ દુનીઆંમાં સેવટના (આપણા) સુધારાને લગતું કાંમ કરવું, કે તે લાંબી મુદત શુધી કાએમ રેહ. અને ખરાબ નહી થાએ. વલી આપણી હોશી- ૧૬૬
આરી ધરાવનારો જાત (ઈઆને રવાંન), કે જેહની મારફતે માણસથી આએ દુનીઆંને લગતું કાંમકાજ થાતું હતું, તે બુજોરગી ભરેલી વસ્તુ જેઆરે બદનની અંદરથી ગુજર કરી જાએછે, ત્યારે તેનાં નાજુક કાલબુદને (અવલમનજલની જગોએ) લેઈ જાએછે. અને ત્યાં તેને સારી યાદ સાથે મેલીઉં કે, લોકો તુરત તેને વીસરી જાએછે. અને જેમ જેમ દીવસો ગુજરતા જાએછે, તેમ તેમ તે, લોકોથી વધારે વીસરાતું અને વગર યાદ આવતું થાએછે. જો આએ દુનીઆંમાં હયાત રહેલા તેહના ખેશાવંદોમાંનો કોઈ ૧૬૭
ફેતનો કરેછે. અને તે મરનારના દરૂન ઈજાવતો નથી. તેને તે સ્તુતી કરવા જોગ રવાંન કેહછે કે:-' ઓ કંગાલ માણસ ! હું તારે વીસે (અશો

અહુરમજદની હજુરમાં) હુંએ તારે સારૂં મેલેલી દોલત વીસે ફરીઆદ કરનાર અને ઇનસાફ માંગનાર છેઉં.'[૧]

આગલા દાંનાઓની તરફથી કરેઆમાં આવેલી એક નસીહત હું ત- ૧૬૮ મારી આગલ ખોલ્લી મેલુંછેઉં, તેને જો તમો સાચી માંનીને આએ દુનીઆંમાં કબુલ રાખસો તો તમો બેહુ દુનીઆંના ફાએદાને લાએક થાસો.
..૯ તમારી પાસે ઘણી કીમતી ચીજો આએ દુનીઆંમાં હોએ, તે ઉપર તમો મુશતાક રેહતામાં; કેમકે આએ દુનીઆંની દરએક વસ્તુ, દરએક જણ છોડી જએઆ વગર રેહેઓ નથી. આએ દુનીઆંનો મેહલ તથા માલમતા, કે જે ઉપર લોકો લાર કરેછે, તે સેવટે કોઈને આપેઆમાં આવી નથી.

---

૧ જોકે આપણી પાસે હાજેર રહેલા પાક અવસ્તામાં ઉપલી મતલબને બરોબર મલતો ફેકરો મજવાદ રહેલો નથી. પણ એજ મતલબને અનુસરતો એક ફેકરો, અશોફરોહરનાં આફરંગાંનમાં સેવટે આવેલોછે, તેમાં તે અશો રવાંનોની યાદ કરનારો શખસ પોતે યાદ કીધેલાં સઘલાં અશોફરોહરોની પાસે આજેજી કરીને માંગેછે કેઃ—

[illegible]

અશો લોકોનાં ગાલેબ, ચહડતી કઉઅતવાલાં, ફતેહમંદ પોરીઓદકેશી† તથા નવી નજદીકીવાલાં† ફરોહરોમાંનાં તમો ફરોહરો! આએ મકાંન મધે ખુશીથી આવો!, ખુશી સાથે આએ મકાંન મધે (મીયજદ કબુલ કરવાને માટેની) ફરહર કરો!, અને દુઆ કરો આએ મકાનમાં સુખ સાથની સારી દોલત પોહચવા વીસેની!, તેમજ આએ મકાંન મધેથી ખુશી શાથે પાછાં ફરતી વખતે, દાદાર અહુરમજદ અને અમેશાસ્પંદોની હજુરમાં (હમારી તરફની) અસ્તુતીનો હદીઓ લેઈજજો. અને આએ મકાંન મધેથી પાછાં ફરતી વખતે, હમો મજદીઅસનાંનોની (કસુરની) કોઈના ફરીઆદ માં કરતા!

† પોરીઓદકેશી—તે પેહલાંથી મજદીઅસની દીન કબુલ કરનારા અને નવી નજદીકી વાલાં તે પાછલથી મજદીઅસની દીન કબુલ કરનારા લોકોને સહમજવા.

આપણે કેટલાએક રાજવનશીઓને જોએઆછે, કે તેઓ લશકરના સરદારો હતા, અને તેઓ રઇઅતની ઉપર ઘણી મોહટાઈ સાથની હકુમત ચલાવતા હતા, અને આએ દુનીઆંમાં તેઓ એમ સહમજતા હતા, કે દુનીઆંમાં હમો ઘણા મોહટા છઈએ, તેઓ ખાક થાઈ ગીઆછે, અને દુઃખ ભોગવીને તેઓ (આએ દુનીઆં છોડી) મીનોઈ જેહાંન તરફ કુચ કરી ગીઆછે. જેઆરે દરએક ઈનશાંનને આએ પરમાંણે (આએ દુનીઆંની દોલત) દેખાએછે, ત્યારે તેણે આએ દુનીઆંમાં કેહી ચીજને સારૂં મુશતાક રેહવું ? કોઈ (ચીજ) ને સારૂં નહીં; પણ તેણે આએ દુનીઆંને ધરમસરા તરીકે ગણવી, તથા બદનને આતમાને રાખનારી વસતુ તરીકે સહમજવું, અને સવાબને પોતાની જાત તરીકે ગણવી જોઈએછે. કેમકે તેહને (આવતી) મીનોઈ જેહાંનમાં, સાચા નીઆધીસ મેહરયજદની હજુરમાં જવુંછે. ત્યાં જે આદમી અશો હસે તે ખુશી ભરેલું, લાંમબી જીનદગીવાલું, સુખી અને સઘલી ઈછા મેલવવામાં ફતેહમંદ થશે.

અનદરજે આતરેપાતનો તરજુમો.

આએ નસીહત તથા દાંનાઈ બેહશતી રવાંન ૧
આદરબાદ એબને મારાસ્પંદનીછે.

આએ વાત જાંણઈતીછે કે, આદરબાદને પોતાનો જાતી છોકરો હતો ૨
નહી; તેથી તેણે ખોદાએતાલાની હજુરમાં દુઆ માંગી અને તેહને તાંહાં
એક છોકરો જણમેઓ. આએ છોકરાનો ખવાસ જરતોશત સ્પીતમાંનના
જેવો સારો હોવાથી તેણે તેહનું નાંમ જરતોશત કરીને રાખીઉં હતું.

(જેઆરે આએ છોકરો ઉમરે પોંહચેઓ તેઆરે આદરબાદે તેહેને) ૩
કહીઉં કે, ઓ માહરા દીકરા તું ઉઠ (ઇઆને ધેઆંન આપ) કે હું તુંને
ચહડતે દરજજેનું ગણેઆન સીખવું.

માહરા દીકરા ! તું સવાબને લગતો વીચાર કરતો રેહજે, ગુનાહને ૪
લગતું વીચારતો માં; કારંણ કે માંણસ હમેશ શુધી જીવનારૂં નથી. (આએ ૫
દુનીઆંમાં) જે કાંઈ વસ્તુ, આવતી દુનીઆંને સારૂં વધારે લાએકની તથા
પસંદ કરવાજોગ હોએ, તેહને તું વીસરતો માં. (ઇઆને તે ચીજને જરૂર
મેલવજે). જે વસ્તુ (તુને) નહી મલે, તે વીસે તું દેલગીર અને ગમગીન ૬
મા થતો. (પોતાના) માલેક તથા બડાની તરફ પેઆર ભરેલો રેહજે. ૭
અને (તેની સાંહાંમણે) બેદરકાર થતોમાં. જે વસ્તુ તુંને સારી નહી હોએ, તે ૮
તું બીજા માંણસને સારૂં હરગેજ કરતો માં. (પોતાના) માલેકો તથા દોસ્તોની ૯
સાથે એકદીલીથી રેહજે. જે કોઈ શખ્સ તારી સાથે કરોધ અને વેર રાખતો હો- ૧૦
એ, તેહની તાબેદારીમાં તું પોતાને રાખતો માં. અને બનેતો તેથી દુર રેહજે.
હમેશાં અને દર વખતે, ઉમેદ પાક ખોદાએતાલા ઉપર રાખજે. જે કોઈ ૧૧-૧૨
તુને વધારે ફાએદો કરનારો હોએ, તેને તું પોતાનો દોસ્ત કરીને ગણજે.
ખોદાએતાલા અને અમેશાસ્પંદોને લગતી ચીજ ઉપર (એટલે જે તેઓની ૧૩
આરાધના અને બંદગીને સારૂં) ઉલટ ભરેલો તથા જાનને ફેદા કરનારો
રેહજે. ઓરતોને ભેદની વાત કેહતો માં. જે કાંઈ (વાત) તુંએ સાંભલેલી ૧૪-૧૫
હોએ, તેહ જેએલી વાત તરીકે બોલતો માં. તાહરી ઓરત તથા ફર- ૧૬
જંદ તથા હમવતનીને અને તારી પોતાની જાતને, એલમ સીખવેઆ

વગર શાખતોમાં, [૨] સબબ કે તેથી, (ઇઆને તેઓને કેલવણી આપેઆથી)
તુંને વધારે ગમ તથા દેલગીરી ઉપજ સેનહી અને તું પરતાસે નહી.
૧૭-૧૮ કવખતે ઘાણું હસ્તો માં. [૧]સવાલ ઉપર ધેઆંન પોહચાડીને કાએદાસર (તેનો)
૧૯-૨૦ જવાબ આપજે. કોઇબી શખ્સની મુસખરી કરતોમાં. બુરી બુદ્ધિવાલા પુરૂ-
૨૧ પને તારો ભેદ કેહતોમાં. કરોધવન્ પુરૂપની સાથે, રસ્તાનો સાથી થાતો-
૨૨-૨૩ માં. બેહુદુ બોલનાર પુરૂપની સાથે કાંઇબી તકરાર કરતો માં. ઘણી દોલત-
૨૪ વાલા પુરૂપની સાથે ખાંનુ ખાનારો સાથી થાતો માં. કમીનાં શખસની
૨૫ સાથે ખાનું ખાનાર થતોમાં. બુરા ખવાસના અને બુરી બુનીઆદના પુરૂ-
પની સાથે કરજની આપલે કરતોમાં, કારંણ કે તુંને ઘણું વીઆજ તેને
આપવું પડશે, તથા તે, દર વખતે તારે દરવાજે (આવીને) ઉભો રેહશે,
તથા હમેશાં તારે બારને ઉઘરાંણી કરનારને મોકલશે અને તેથી તુંને
૨૬ ઘણું નોકસાન પોંહચસે. બુરી મતલબના પુરૂષ પાસે મદદ માંગતો માં.
૨૭-૨૮ અદેખાં આદમીને (તારી) દોલત દેખાડતોમાં. પાદશાહોને જુઠા ફતવા
૨૯-૩૦ આપતોમાં. [૨] ઇજા દેનારા અને જુઠા પુરૂપના સખુન સાંભલતોમાં. આદ-

૧ દસ્તુર આદરબાદે જે કેળવણી, ઓરતો તથા મરદોને આપવા સારૂ પોતાના બેટા જરતોશતને નસીહત કરીછે, તે કેલવણીને આપણે દુનીઆઈ ગુજરાંન કરવાને લગતી કેલવણી નહી સમજવી, પણ તે કેલવણી તે આપણા મજદીયસની ધરમને લગતી નીતીની સમજવી. કેમકે 'અર્શીસ્તુએંમ ગેહ' ના પાક અવસ્તામાં જે ઓરત તથા મરદ એવી કેલવણી લીધેલાં હોએ તેઓને આપણા પાક પેગમબરે સારાં અને નેક ગણેલાંછે અને તે વીશેના પાક અવસ્તા આએ રીતનાછે:—

[illegible]

સારો વીચાર કરવાની, સારા વચન બોલવાની અને સારાં કાંમ કરવાની તથા પોતાના ખાવંદની સાચી તાબેદારી કરવાની કેલવણી લીધેલી ઓરતને હમો ખુબીવન્તી ગણીએ છઇએ. કે જે તું અહુરમજદની વરધીવન્ત માદારૂપી સફંદારમદને લગતીછે. સારો વીચાર કરવાનાં. સારા વચન બોલવાનાં અને સારાં કાંમ કરવાનાં ધરમી એકીનવાલા અને પાપને નાપસંદ કરનારા પુરૂષને હમો ખુબીવન્તો નર ગણીએ છઇએ. કે જેહનાં કાંમોથી જરતોશતી કોમનાં વડા ધરમગુરૂને માંનવા અને તેહની વખાંણ કરવા સારૂ નેક દુનીઆં તઇઆર થાએછે.

૨ આપણા સાસાંની પાદશાહો વીશે પેહલવી પુસ્તકોમાં જે લખાણ આવેલુંછે, તે ઉપરથી જણાએછે કે, તેઓ દસ્તુરાંન દસ્તુરનો દાનને લગતો હોકમ સાંભલેઆ વગર કોઈ બાબદનો ચુકાદો આપતા નહી હતા.

મીઓને સજા કરવા સારૂં શોકી માં થતો. રવાંનની સાથે લડાઈ માં કરતો.[૧] ૩૧
આદમીઓને ઈજા દેતો માં. જગા (ઈઆને બેઠક) ને સારૂ મારામારી માં ૩૨-૩૩
કરતો. જો તું સલાહ પુછેતો, પરહેજગાર દેખાવના, કાંમની માહીતગારી ૩૪
ધરાવનારા, ચાલાક અને સારા સવભાવના પુરૂષને પુછજે. અને તેને તારા
દોસ્ત તરીકે ગણજે. લડાઈમાં તારી ઉપર ભારી દુઃખ નહી આવી પડે તે ૩૫
સારૂ, કીનાખોર પુરૂષથી તું ઘણો બીહતો રેહજે, અને બનેતો તેની (સાથની
લડાઈ) થી દુર રેહજે. જાહેર લખનારની સાથે અદાવત રાખતોમાં. ૩૬
વગર વીચારે બોલનારને પોતાનો ભેદ કેહતો માં. દરજજાવાલા, દાહપણ ૩૭-૩૮
સાથના પુરૂષને આદરમાંન આપતો રેહજે; અને તેહને સખુન પુછજે તથા
તેહના સખુનને સાંભલજે. કોઈનેબી જુઠું કેહતો માં. જેને શરમ ૩૯-૪૦
નથી, તેની પાસેથી પઈસા લેતો માં. મતલબીઆં માંણસ પાસે કોઈ ચીજ ૪૧
ગીરો મેલતો માં. શું સાચ્ચાંને સારૂ કે, શું જુઠાંને સારૂ સોગંદ ખાતો ૪૨
માં.[૨] જો તું ઘર કરવા માંગે, (ઈઆને કોઈ ઓરત સાથે પરણવા ચાહે) ૪૩
તો પેહલ્લાં ચુનનદાં માંણસને વચ્ચે નાંખજે અને તેની મારફતે પોતાને
સારૂ ઓરતની માંગણી કરજે.[૩] જો તારી પાસે દોલત હોએ, તો પેહલ્લાં ૪૪

---

૧ આએ જગાએ રવાંનની સાથે લડાઈ કરવાનો અરથ આતમાને ઈજા થાએ તથા આવતી દુનીઆંમાં તેને દોજખની સજા ખમવી પડે, તેવાં બુરાં અને પાપી કાંમ નહી કરવા વીશેનોછે.

૨ મજદીઅસની દીનવાલો ધરમગુરૂ હમેશાં સાચ્ચુંજ બોલનારો અને વાજબી કાંમ કરનારો હોવો જોઈએ, અને તેના બોલવા તથા કરવા ઉપર સરવેને એતેકાદ રાખવો જોઈએછે. અને જેઆરે તેવો ધરમગુરૂ, બીજાઓ તેના બોલવા ઉપર વીસવાસ રાખતા નથી એવું સહમજીને, તેઓનો વીસવાસ પોતાની તરફ મેળવવા સારૂ, સોગંદ ખાએ તો, તે પોતે પોતાની સચ્ચાઈ વીશે શકમંદ થાએલો ગણાએછે. અને તેથી તેની પવીતગાહનો દરજજો કમ થાએછે. એટલાજ વાસતે બરશનુમવાલા મોબેદોનું શોગંદ ખાવાથી બરશનુમ અવાવ થાએલું ગણાએછે.

૩ આપણ જરતોસ્તીઓમાં, તેમજ ઉગમણ પરાંતનાં લોકોમાં, ઓરતની માંગણી ચુનનદાં અને આબરૂદાર માંણસ પાસે કરાવવાનો આગળા વખતમાં કાએદો હતો, તે આએજ દાહપણ ભરેલા વીચારથી હતો કે, એક ઓરત અને મરદનું જોડું એક બીજાની લાએકત પરમાંણેનું બને. કેમકે જે દરજજા વાલું માંણસ તે કાંમના વચ્ચે પડેછે તેની ઉપર મરદ અને ઓરતની તરફવાલાઓનો વીસવાસ રેહછે અને તે દરજજાદાર માંણસો પેહલ્લાં પેલી ઓરત તથા મરદના સઘળા ખવાસો તથા તેઓની ખુબીઆદીનું પ્રમાણ તથા તેઓની દીનદારીનું એકીન અને તેઓની ગણેઆંણ શકતી ઈત્યાદી તપાસીને, તેઓ ઉપલા ગુણોમાં એક બીજા સાથે મલતાં આવેઆથી તેઓનું જોડું બનાવતાં હતાં. અને તેથી તે જોડું પોતાની જીનદગી ઘણી સારી રીતે ગુજારી શકતું હતું. વાસતે આએ તરીકો, હાલમાં કેટલાંએક વગર વીચારે બનતાં ઓરત મરદનાં જોડાંઓની સાથે સરખાવતાં ઘણો સારો અને દાહપણ ભરેલો દેખાએછે.

પાંણી અને ખેતીની જમીન ખરીદ કરજે, કારણ કે જો તે (તુરત) ફલ
૪૫ નહી આપસે તો, તેની મધીયમ શરૂઆત પણ થસે. તું કેટલેએક દરજજે.
સકતીવાંન હોએ તે છતાં, આદમીને ઈજા થાએ તેવા સખુન માં કેહતો.
૪૬ અને આદમીની ઉપર વેર માં રાખતો અને તેને દુ:ખ માં દેતો. જો તું
૪૭ કેટલેએક દરજજે દોલતની સકતી ધરાવતો હોએતો, સખાવત કરજે. કોઈની
૪૮ સાથે ઠગાઈ કરતો માં, કે તેથી તું દુ:ખી નહી થાએ. (દીન અને
ટોલાના) આગેવાનને આદરમાંન આપતો રેહજે, તથા તેહને (પોતાથી)
૪૯ વડો ગણજે અને તેના સખુનને કબુલ રાખજે. ખેશાવંદો તથા દોસ્તો
૫૦ વગર કોઈ પાસેથી કાંઈ ચીજ કરજે લેતો માં. શરમવાલી સ્ત્રીને ચાહતો
રેહજે અને તેણીનાં લગણ ચાલાક અને વીદવાંન પુરૂષની સાથે કરજે;
કારણ કે ચાલાક અને વીદવાંન પુરૂષની સાથે તેહનાં લગણ થવાથી, જેમ
એક સારી જમીનની અંદર બીજ નાંખઆમાં આવેછે, અને તેમાંથી તરેહ
તરેહનાં ખાવાનાં ફલની ઉતપન્તી થાએછે, તેમ તે સ્ત્રીને પેટે ફરજંદો
૫૧-૫૨ પેદા થાએછે. (લોકોને) સવાબને લગતું કેહતો રેહજે. વીચાર કીધા
૫૩ વગર સખુન હરગેજ બોલતો માં. બને તાંહાંસુધી બંદોબસ્ત (ઈઆને
૫૪ કાએદાસરનું લખત) કીધા વગર કરજે નાંણું આપતો માં. અગમબુધ્ધિ-
વાલી તથા લાજવન્તી સ્ત્રીને ચાહતો રેહજે અને તેવીજ સ્ત્રી સાથે પરણજે.
૫૫ સારા સવભાવનો તથા તનદરૂસત અને કાંમની માહીતી ધરાવનારો પુરૂષ
૫૬ જો કબુ મુફલેસ હોએ, તોપણ તેને તું પોતાનો જમાઈ કરજે. જો
ખોદાએતાલાની તરફથી તુને દોલત મલે તો, મુફલેસ માંણસની મશખેરી
૫૭ કરતો માં; કારણ કે તુંબી જલદીથી પઈસા વગરનો થશે. આબરૂવાલો
પુરૂષ જો તકસીરવાર થાયો હોએતો, તેહને તું બંદીખાંને મોકલતો માં,
પણ તેને કેદ રાખવાની મુદત સુધી એક હુશીઆર અને દરજાવાલા
૫૮ લાએક પુરૂષને તેહનાં કેદખાનાનો ઉપરી કરજે. જો તુને એક છોકરો
હોએતો, તેને તે બાલક હોએ તેઆરથી સ્કુલમાં મેલજે; કારણ કે
૫૯ (માંણસની) રોશનીવાલી આંખ તે કેલવણીછે. તીખ્શણ શખુન તપાસીને
બોલજે; કારણ કે સખુંન (જેમ) કેહવા સારાછે, તેમ જાલવ્વાબી સારાછે,
૬૦ માંટે તે બોલવા કરતાં, તેને જાલવ્વા બેહતરછે. સાચ્ચું બોલનારા
પુરૂષની પાસે (કોઈને) સંધેસો કેહવાડજે, વગર વજણનાં ઈનસાંન ઉપર
૬૧ ભરોસો રાખતો માં. વીસવાસુ આદમીની સાથે જેમ તુંએ બંદોબસ્ત
૬૨ કરેલો હોએ, તે મુજબ તેહને બદલો પોહચાડજે. (લોકોની સાથે) મીઠાસ

ભરેલું બોલવું રાખજે. (લોકો સાથે) વાતચીત મીઠાસથી કરજે. વીચાર સારે ૬૩-૬૪
મારગે ચાલવાનો રાખજે. જો તુંએ સારૂ કાંમ કીધું હોએતો, (તે વીશે) પોતાની ૬૫
વખાંણ કરતો માં. માલેકો અને પાદશાહોની ગેરમેહબાંનગી વાલો થતો માં. ૬૬
સલાહ પુછેતો ઉમરે પોહચેલા ભલા પુરૂષને પુછજે. ચોરની પાસેથી કાંઇબી ૬૭-૬૮
વસ્તુ લેતો માં તથા તેહને કોઈ વસ્તુ આપતો માં; અને તેઓને
આજેજ કરજે. દોજખની ધાસ્તી રાંખીને (કોઇનેબી) સજા કરે તે (તેની) ૬૯
તંપાસ કરીને કરજે. દરએક શખ્સ અને દરએક વસ્તુ ઉપર મગરૂરં ૭૦
અને બેપરવા માં રેહતો. સારૂં ફરમાંન આપનારો થજે, કે તેથી તુંને સારો ૭૧
બેહરો મલે. ગુનાહ વગરનો રેહેજે, કે તું વગર ધાસ્તીએ રેહે. ૭૨
(ખોદાએતાલાનો અને બખ્શેશ કરનારનો) આભાર માંનતો રેહજે, કે તેથી ૭૩
તું તે બખ્શેશને લાએકનો થાએ. એકસરખા વીચારનો રેહજે, કે (તેથી ૭૪
તું લોકોમાં) વીસવાસુ ગણાએ. સાચ્ચો રેહજે, કે (તેથી લોકોમાં) તું ૭૫
ભરોસાદાર થાએ. અકળવાળો થજે, કે (તેથી) તું ઘણાઓને પસંદ પડતો ૭૬
થાએ. ઘણા દોસ્તવાલો થજે, કે (તેથી) તું નેકનાંમીવાલો થાએ. ૭૭
નેકનાંમી અથવા વખાણ મેલવનારો થજે, કે (જેથી) તું સારી જીન્દગી ૭૮
ગુજારનારો થાએ. સારા બદલાવાલો તથા દીનને ચાહનારો થાજે, કે (તેથી) ૭૯
તું પુણવન્તો થાએ. આતમા (નાં સુખ) ને લગતી સહમજ મેળવતો ૮૦
રેહજે, કે (તેથી) તું બેહશતી થાએ. બખ્શેશ કરતો રેહજે, કે (તેથી) તું ૮૧
ગરોથમાનનું મકાંન મેલવનારો થાએ. બીજાઓની સ્રીને ઉલટો વીચાર ૮૨
